સુવિચાર
''ઘડિયાળ કરતાં હોકાયંત્રની અગત્યતા વધું છે. કારણ કે, ઘડિયાળ કેટલું ચાલ્યાં એ બતાવશે, પણ કઈ દિશામાં ચાલ્યા એ તો હોકાયંત્ર જ બતાવી શકશે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૯/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ PENDAWALA
શ્રાદ્ધપક્ષ નિમિતે...
સ્પે. દાણાદાર
મઘમઘતો.. મોહનથાળ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવંત ૨૦૮૧ ભાદરવા સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૨૨૭

## છેલ્લા ૧૦ દિવસથી સમગ્ર જિલ્લામાં વિઘ્નહર્તા દેવની પૂજા-અર્ચના કરાયા બાદ

# અગલે બરસ તુ જલ્દી આ : વાજતે-ગાજતે ગણેશજીને વિદાય અપાઈ

**સમગ્ર જિલ્લામાં ગણપતિની વિદાય વાજતે-ગાજતે કરવામાં આવી**

**સમગ્ર જિલ્લાની જનતા ૧૦ દિવસ સુધી ગણપતિમય બની ગઈ**

**અમરેલીમાં કામનાથ મહાદેવ મંદિર નજીક ૧૧૧ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું**

**વિસર્જન સ્થળે અકસ્માત નિવારવા સમગ્ર તંત્રએ પ્રશંસનીય વ્યવસ્થા ગોઠવી**



અમરેલી, તા. ૬

અમરેલીશહેરસહિતસમગ્ર જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી ચાલી રહેલા ગણેશોત્સવની આજે પૂર્ણાહૂતિ થતાં લોકોએ દુંદાળા દેવ ગણપતિજીને ચાલું વરસાદે ભાવભીની વિદાય આપી હતી. ત્યારે અમરેલીના કામનાથ મહાદેવ નજીક ૧૧૧ જેટલી ગણપતિજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવેલ હતું. ત્યાં સ્થાનિક પ્રસાશન, ફાયર ફાયટર, પાલિકા તંત્ર, પોલીસ તંત્ર તથા તરવૈયાની ટીમ તૈનાત રાખવામાં આવેલ હતી. જો કે ગણપતિજી વિસર્જન શાંતિપૂર્ણ રીતે સમાપન થતાં સૌ કોઈએ રાહતનો દમ લીધો હતો.

અમરેલીશહેરસહિતસમગ્ર જિલ્લામાં ગત તા. ૨૭થી ઠેર ઠેર ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યા બાદ આ ૧૧ દિવસ દરમિયાન સામાજિક, ધાર્મિક, વિવિધ સ્પર્ધા વિગેરેનું હર્ષઉલ્લાસ સાથે આયોજન કરાયા બાદ આજે અમરેલી જિલ્લામાં ગણેશોત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

## ઓનલાઈન ડેટા રૂપાંતર કરવાની કામગીરી શરૂ હોવાથી

# અમરેલી પાલિકામાં ઓનલાઈન જન્મ-મરણની કામગીરી બંધ રહેશે

**જાહેર જનતાને નોંધ લેવા ચીફ ઓફિસરે જણાવ્યુ**

અમરેલી, તા. ૬

ભારત સરકાર દ્વારા ૧લી સપ્ટેમ્બરથ સી.આર. પોર્ટલ ઉપર સમગ્ર ગુજરાત રાજયના જન્મ-મરણનાં ડેટા રૂપાંતર કરવાની કામગીરી ગુજરાત સરકાર દ્વારા ચાલી રહેલ છે, આ કાર્યવાહીનાં કારણે ગુજરાત સરકારનું ઈ-ઓળખ જન્મ-મરણ પોર્ટલ સરકાર દ્વારા બંધ કરવામાં આવેલ છે. જેનાં કારણે અમરેલી નગર સેવા સદન કચેરીમાં આવતી ઓનલાઈન જન્મ-મરણ પ્રમાણપત્ર તેમજ સુધારા વધારાની કામગીરી હાલ ૧લી સપ્ટેમ્બરથી બંધ થઈ જવા પામેલ છે, ભારત સરકારનુ જન્મ-મરણ પોર્ટલ જયાં સુધી કાર્યરત નહીં ત્યાં સુધી કામગીરી અત્રેની કચેરીએથી બંધ રહેશે, જેની અમરેલી શહેર, જીલ્લા તેમજ જીલ્લા બહારનાં નાગરિકોએ જાણમાં લેવા ચીફ ઓફિસરની યાદીમાં જણાવાયુ છે.

## એસપીની સુચનાથી સિટી પોલીસે કરી કામગીરી

# અમરેલીમાં કારમાં ૪ કોથળા ભરીને લઈ જવાતી વિદેશી દારૂની ૪૫૬ બોટલ ઝડપી લેવાઈ

**દારૂની હેરફેર કરનાર આરોપીને શોધવા કવાયત શરૂ**

અમરેલી, તા. ૬

અમરેલી શહેરમાં ચિતલ રોડ ઉપર ગાયત્રી મંદિર પાસે રહેતા આરોપીએ પોતાના હવાલાની ફોર વ્હીલરમાં ચાર કોથળા ભરી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની કુલ બોટલ નંગ-૪૫૬ મંગાવેલ હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કાર સહિત રૂપિયા ૩,૫૫,૬૫૦નો મુદામાલ અમરેલી સીટી પોલીસ ટીમે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.



અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ
• મરવાના વિચાર આવવા
• વિચારવાયુ
• વહેમ, શંકા
• મંદબુદ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન
• માથાનો દુઃખાવો
• જાતિય રોગો
• વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
96,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૯૨

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માંજ
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માંજ
PD POWER
4 LB માત્ર રૂા.૭૦૦/- માંજ
5 LB માત્ર રૂા.૯૦૦/- માંજ
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ : રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ : લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નીચેના વિભાગોમાં દાખલ સારવાર:
24/7 ઈમરજન્સી
• મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
• સર્જરી વિભાગ
• ઓર્થોપેડિક વિભાગ
• સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
• નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

# કાંકચ ખાતે પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત પરિવારને સાંત્વના પાઠવતા રાજકીય, સામાજિક,આગેવાનો



કાંકચ મુકામે પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતના કાકાના અવસાન બાદ બેસણું રાખેલ હતું. જેમાં રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ વેપારી ભાઈઓ તેમજ આજુબાજુના ખેડૂતો અને આગેવાનો ખૂબ જ મોટી સંખ્યામાં પ્રતાપભાઈ દુધાત અને તેમના પરિવારને સાંત્વના પાઠવવા આવ્યા હતા. જેમાં પૂર્વ વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય અબરીશભાઈ ડેર અને કનુભાઈ બારૈયા, અમરેલી જિલ્લા આરોગ્ય ચેરમેન જીતુભાઈ ડેર, દાદબાપુ વરૂ, જયંતીભાઈ પાનસૂરિયા પ્રમુખ સહકારી સંઘ અમરેલી, રામભાઈ સાનેપરા, અરવિંદભાઈ માંગુકીયા, રાજુભાઈ દોશી, હિતેશભાઈ સરૈયા, શરદભાઈ પંડયા, પ્રવીણભાઈ સાવજ, કેશુભાઈ વાઘેલા, બોટાદ જિલ્લા પંચાયત ચેરમેન ઘનશ્યામભાઈ વિરાણી, પોપટભાઈ કાસમીરા, બીપીનભાઈ બાબરા, વિજયભાઈ ચૌહાણ અવધ ટાઈમ્સ, પ્રવીણભાઈ કોટીલા, મહાવીરસિંહ ગોહિલ પૂર્વ ભાવનગર કોંગ્રેસ પ્રમુખ, અશોકભાઈ માંગરોળીયા, વિજયભાઈ ચિતલ, હાર્દિકભાઈ સેંજલીયા, ભૌતિક સુહાગિયા પીઠવડી સરપંચ, મધ્ય સહકારી બેંકના જનરલ મેનેજર એ. બી. કોઠીયા, ભનુભાઈ ડાભી, કેતન ઢાંકેચા, કેપ્ટન વગેરે આગેવાનો શ્રધ્ધાંજલિ પાઠવવા કાંકચ ખાતે આવ્યા હતા.

### દેશનાં આઝાદી કાળથી શિક્ષણક્ષેત્રે ઉત્તમ કાર્ય કરતી સંસ્થા

## બાબાપુરનાં સર્વોદય આશ્રમની શુભેચ્છા મુલાકાત લેતા શિક્ષણ શ્રેષ્ઠીઓ

### સંસ્થાના નિયામક મંદાકિનીબહેન પુરોહિતને શુભકામનાઓ પાઠવી

અમરેલી, તા. ૬

શિક્ષણની વાત આવે એટલે બાબાપુર સર્વોદય આશ્રમ સહુની નઝર સમક્ષ આવે તે નિર્વિવાદ વાત છે. ભારત દેશે ૭૫ વર્ષ પહેલા આઝાદી મેળવી ત્યારે સમગ્ર દેશમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ હતું. ગ્રામ્ય કક્ષાએ સુવિધા અને માર્ગદર્શનના અભાવે શિક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃતતા ઓછી હતી. ભૌતિક સુવિધા અને આર્થિક નબળી પરિસ્થિતિને કારણે ગામડાઓમાં શાળાઓનું અસ્તિત્વ નહિવત્ હતું. હજુ તો આઝાદી મળી હતી. અને લોકોની સરકાર રચાણી હતી, સરકારને પણ આર્થિક સમસ્યાઓ હતી. જેને કારણે દરેક ક્ષેત્રમાં પુરતી વ્યવસ્થાઓ થઈ શકતી ના હતી. આવા સમયે આઝાદીની લડત લડીને તેમનું મિશન પુરૂ કરનાર આઝાદીના લડવૈયાઓએ તેમનું બીજું મિશન શિક્ષણનું ચાલુ કર્યુ હતું. કારણ કે તેઓ સમજતા હતા કે આઝાદી તો મેળવી લીધી, પરંતુ તેમને ટંકાવી રાખવી હશે અને દેશનો વિકાસ કરવો હશે, તો લોકોમાં શિક્ષણ વગર આ શકય નહી બને અને એથી જ ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં સ્વાતંત્ર્ય સૈનિકો દ્વારા લોકસહયોગથી આશ્રમ શાળાઓ, લોકજીવનશાળાઓ, સર્વોદય સંસ્થાઓ સ્થાપવામાં આવી.



ગુજરાતમાં પણ અનેક શાળાઓ, સર્વોદય સંસ્થાઓ શરૂ કરવામાં આવી. તેમાંની એક અમરેલી તાલુકાના બાબાપુર ગામે ગુરૂવર્ય લાલજીદાદા દ્વારા સ્થપાયેલી લોકશાળા એટલે સર્વોદય આશ્રમ બાબાપુર નાનકડા એવા કાચા મકાનમાં શરૂ થયેલી આઝાદી કાળની આ સંસ્થાને આઝાદી પછી સ્વાતંત્ર્યવીર અને આરઝી હકુમતના સેનાપતિ દિવંગત ગુણવંતદાદા પુરોહિત તથા દિવંગત હસુમતિબાના નિસ્વાર્થ પુરૂષાર્થને કારણે આજે વટ વૃક્ષ જેવું સ્વરૂપ મળ્યું છે. ગુણવંતદાદાનો ઈતિહાસ લખીએ તો પાના ભરાય પરંતુ તેમની દિર્ઘ દ્રષ્ટિને કારણે અમરેલી જિલ્લાને એક ઉત્તમ કહી શકાય એવી શૈક્ષણિક સંસ્થા મળી છે. જે સંસ્થામાં ગરીબ પછાત અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને રહેવાની સાથે ઉચ્ચતર માધ્યમિક શાળા સુધીનું શિક્ષણ મળે છે. સંસ્થામાં ચાલતા મહિલા અધ્યાપન મંદિરમાં ૩૦,૦૦૦ ત્રીસ હજાર જેટલી બહેનોએ અત્યાર સુધીમાં અભ્યાસ કરીને શિક્ષકની પદવી પ્રાપ્ત કરી છે. અને શિક્ષક તરીકેની કામગીરી કરી છે. પૂ. ગુણવંતદાદાએ વિવિધ ગામોમાં માધ્યમિક શિક્ષણ મળે તે માટે માધ્યમિક શાળાઓ પણ શરૂ કરાવી હતી. જે આજે ૧૬ જેટલા ગામોમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નિશુલ્ક ચાલે છે. આઝાદી પછી ગુણવંતદાદાના માર્ગદર્શનમાં સરકારી પ્રાથમિક શાળાઓ પણ સર્વોદય સંસ્થાએ સંભાળીને ઉત્તમ શિક્ષણ પુરૂ પાડીને સમાજ જીવનના ઘડતરનું કામ કર્યુ હતું. અને જેને કારણે આજે ગામડે ગામડે સર્વોદયના સિપ્રધાંતો પાળનારા લોકો આજે પણ મળે છે.

પૂ. ગાંધીબાપુના સર્વોદયના સંસ્કારોને વરેલી આવી મૂલ્યનિષ્ઠ સંસ્થાઓ વર્તમાન સમયમાં મળવી મુશ્કેલ છે ત્યારે ગુણવંતદાદા અને હસુમતિબાએ તેમના નિર્થ પરિશ્રમથી માત્રને માત્ર લોકોને સારૂ, શ્રેષ્ઠ, ગાંધીવાદી મૂલ્યો આધારીત શિક્ષણ મળે તેવા ઉમદા હેતુથી શરૂ થયેલી સંસ્થાને બળવતર બનાવી હતી. હજારો વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય આ સંસ્થા દ્વારા થયું છે. અને આજે દિવંગત ગુણવંતદાદા અને દિવંગત હસુમતિબાના અધુરા કાર્યો તેમના પુત્રી કુ. મંદાકિની બહેન પુરોહિત પૂરા કરી રહ્યાં છે.

કુ. મંદાકિની બહેન પણ બાબાપુર માધ્યમિક શાળામાં આચાર્ય પદે હતા અને નિવૃત થયા છે. તેમનો સમગ્ર પરિવાર વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયો છે. પરિવારનો આગ્રહ હોવાં છતા તેઓ અમેરિકા સ્થાયી થવાનું વિચારતા નથી અને હાલ સંસ્થાના નિયામક તરીકે સેવા આપી રહ્યાં છે. માતા–પિતા કે પરિવાર વગરના બાળકો માટે સંસ્થામાં બાલઘર પણ તેમણે ઘણા વર્ષોથી શરૂ કર્યુ છે. જે બાળકોની માઁ તરીકે તમામ ફરજો અભ્યાસથી માંડીને લગ્ન સુધીની તમામ ફરજો મંદાકિની બહેન બજાવે છે. ત્યારે આવી એક ગાંધી મૂલ્યોને વરેલી સંસ્થામાં શિક્ષકદિનની પૂર્વ સંધ્યાએ સંસ્થા સાથે વર્ષોથી લાગણીથી જોડાયેલા શિક્ષણ શ્રેષ્ઠીઓ સર્વ મોટાભાઈ સંવટ, રાજુભાઈ શેખવા, નિતિનભાઈ બોરાણીયા, મુકુન્દભાઈ મહેતા, કાલીપ્રસાદ જોષી, પ્રણવભાઈ પંડ્યા, મોહનભાઈ વાળા, મુકેશભાઈ પટગીર, નસીમબહેન સંવટ તથા મુન્નાભાઈએ આજીવન શિક્ષક એવા કુ. મંદાકિની બહેનને તેમજ સંસ્થા અંતર્ગત ચાલતી તમામ માધ્યમિક શાળાઓના શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


## દામનગર શહેરમાં હડકાયા શ્વાનથી ડરનું વાતાવરણ



દામનગર, તા. ૬

દામનગર શહેરમાં બે દિવસ પહેલા એક બાળકીને હડકાયા શ્વાને બચકા ભરી લેતા સારવાર લેવી પડી હતી. દામનગર શહેરમાં જયાં જુઓ ત્યાં શ્વાને નજરે ચડે છે. આખલાઓની સાથે શ્વાનની સંખ્યામાં વધારો થતાં છાશવારે હડફેટે લેવાનો અને કરડવાના બનાવો બન્યાં છતાં, હવે તંત્ર ધ્વારા કાર્યવાહી કરવામાં આવે એવી માંગ ઉઠી છે. દામનગર શહેરમાં ચારે બાજુ જોવા મળતા શ્વાન જો વધુ લોકોને કરડે અને ઈજા પહોંચાડે તે પહેલા સત્વરે સતાધીશોએ કામગીરી કરી શહેરમાં આવા પ્રકારનો જે ભય છે તે દુર કરવો જોઈએ.

## સાવરકુંડલા : વન મંત્રી મૂળુભાઈ બેરાની ધારાસભ્ય કસવાલાની કાર્યાલયે શુભેચ્છા મુલાકાત



સાવરકુંડલા, તા. ૬

ગુજરાત સરકારના વન, પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને પ્રવાસના મંત્રી મૂળુભાઈ બેરાએ આજે સારવકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના 'સત્વ અટલ ધારા' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ ક્ષેત્રના વિકાસને લગતા વિવિધ મદ્દાઓ પર ગહન ચર્ચા કરી હતી.

આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સાવરકુંડલા અને લીલીયા વિસ્તારના પર્યાવરણ સંરક્ષણ પ્રવાસના સ્થળોના વિકાસ અને પ્રજા કલ્યાણના કાર્યોને વધુ વેગ આપવાનો હતો. મંત્રી મૂળુભાઈ બેરાએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ધ્વારા કરવામાં આવી રહેલા લોકહિતના કાર્યોની સરાહના કરી હતી અને તેમને તમામ સરકારી સહયોગથી ખાતરી આપી હતી.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મંત્રી મૂળુભાઈ બેરાનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું અને તેમને વિસ્તારની જરૂરિયાતો વિશે માહિતગાર કર્યા હતા. આ મુલાકાતથી સ્થાનિક પ્રજામાં આશા જાગી છે કે ક્ષેત્રમાં પર્યાવરણ અને પ્રવાસન સબંધિત વિકાસ કાર્યોને નવી દિશા મળશે. આ મુલાકાત સમયે ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

### સરપંચ એસોસીએશનનાં પ્રમુખે નારાજગી વ્યકત કરી

## લ્યો બોલો : લીલીયા મોટાનાં અનેક ગામોની કૃષિ રાહત પેકેજમાં બાદબાકી કરી દેવાઈ

### તમામ ગામોનાં ખેડૂતોને સહાય કરવા રજુઆત

લીલીયા, તા. ૬

લીલીયા તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ મંજુલાબેન ભરતભાઈ ઠુંમર દ્વારા અતિવૃષ્ટિ સહાય બાબત જિલ્લા ખેતીવાડી અધિકારીને પત્ર પાઠવ્યો પત્રમાં જણાવેલ કે વર્ષ ૨૦૨૪/૨૫ના ઓકટોબર માસ–દરમ્યાન થયેલ અતિવૃષ્ટીના નુકસાનથી થયેલ નુકસાનીના રાહત પેકેજમાં ગોઢાવદર, બવાડી, ઈંગોરાળા, શેઢાવદર, લોંકા, લોકી , ભેંસવડી, ગુંદરણ, એકલેરા, પાંચતલાવડા, નાના રાજકોટ, ઢાંગલા, હાથીગઢ, ભોરીંગડા, ટીંબડી, સનાળીયા, ખારા, કલ્યાણપર, કુંતાણા, આ ગામોને પેકેજમાંથી બાકાત રાખેલ છે. જગતના તાતને જયારે કુદરતની માઠી દશાનો સામનો કરવો પડે ત્યારે હરવખતે સરકાર દ્વારા સહાય પેકેજ



જાહેર કરી તાલુકાના તમામ ગામોનો ૧૦૦% સમાવેશ કરી સહાય ચુકવવામાં આવે છે. આવી રીતના લીલીયા ખેતીવાડી અધિકારી અને તાલુકા પંચાયત દ્વારા રીપોર્ટ મોકલાવેલ હોય જે મુજબ લીલીયા તાલુકાના બધા ગામોને સમાવેશ કરવામાં આવે જેથી કોઈ પણ ગામ બાકી રહી ન જાય તેમજ જે ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાંથી અમુક ગામોના ફરતે ગામો આવ્યા હોય અને બાજુના એક ગામ બાકી રહી ગયેલ હોય એવી રીતના સમાવેશ કરવામાં આવ્યો હોય. જેથી ઉપરોકત ગામો જોતા બધાને ખબર પડે કે સમગ્ર લીલીયા તાલુકામાં સહાય આપવી પડે તેમ છે. જેથી આ બાબત ખુબજ ગંભીર હોય જેથી લીલીયા તાલુકાને જે અન્યાય થયેલ છે. તે સત્વરે દુર કરી લીલીયા તાલુકાના સરપંચ એશોશીએશન અને બાકી રહેલ ગામોના સરપંચ દ્વારા આ રજુઆત કરીએ છીએ. જેથી ઉપરોકત બાબત પર ફેર વિચાર કરી બાકી રહી ગયેલ ગામોનો સમાવેશ કરવા સરપંચ એસોસિએશનના પ્રમુખ મંજુલાબેન ભરતભાઈ ઠુંમર દ્વારા વિનંતી કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણ અખબારી યાદીમાં જણાવેલ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી

## સાવરકુંડલા ખાતે રૂપિયા ૧.૧૧ કરોડનાં ખર્ચે નવુ પશુ દવાખાનાનુ થશે નિર્માણ

### પશુ પાલકોએ ધારાસભ્યનો આભાર માન્યો

સાવરકુંડલા, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા પશુધનનાં કલ્યાણ અને સુખાકારી માટે એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પુશપાલન મંત્રી રાઘવજી પટેલ દ્વારા સાવરકુંડલા શહેર માટે નવા પશુ દવાખાના માટે રૂા. ૧.૧૧ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. આ ભંડોળનો ઉપયોગ અદ્યતન સુવિધાઓ ધરાવતું નવું બિલ્ડિંગ બનાવવા માટે કરવામાં આવશે. આ નવા દવાખાનાથી પશુઓની સારવારમાં સુધારો થશે અને સ્થાનિક પશુપાલકોને વધુ સારી સેવાઓ પૂરી પાડી શકાશે. આ પગલું પશુસ્વાસ્થ્ય અને પશુ કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

આ વિશે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે,



રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પશુપાલન રાઘવજીભાઈ પટેલનો આભાર વ્યકત કરૂ છું.

આ નવું દવાખાનું સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોના પશુપાલકો માટે આશીર્વાદ સાબિત થશે. અદ્યતન સુવિધાઓથી સજજ આ દવાખાનું પશુઓની ઉત્તમ સારવાર સુનિશ્ચિત કરશે, જેનાથી પશુપાલકોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે.

આ નવા પશુ દવાખાનાના નિર્માણથી સ્થાનિક પશુ ધનની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે, જે ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રને પણ મજબૂત બનાવવામાં મદદ કરશે.

સાવરકુંડલા તાલુકામાં પશુ દવાખાનું મંજૂર થતાં માલધારી સમાજના મયુરભાઈ રબારી, લાલભાઈ ગોહિલ, હરિભાઈ ભરવાડ, કરશનભાઈ આલ, જયદીપભાઈ રબારી, ધનસુખભાઈ રબારી, અમિતભાઈ મેવાડા દ્વારા ગુજરાત સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ પશુપાલન રાઘવજીભાઈ પટેલ તેમજ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનો આભાર માન્યો હતો.

# બાબરામાં વી.એલ. ગેલાણી વિધાલયમાં માતૃ-પિતૃ પુજન અને ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાયો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં દસ દિવસ સુધી ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અહીં દરરોજ અલગ અલગ ધોરણના વિદ્યાર્થીઓ દ્વારા પૂજન અર્ચન અને થાળ ગણપતિ દાદાને ધરવામાં આવતો હતો તેમજ અંતિમ દિવસે શાળા પ્રમુખ કાળુભાઈ ગેલાણી, અચાર્ય ઈલાબેન ગેલાણી, કેમ્પસ ડાયરેકટર દિનેશભાઈ કુબાવત, સુપરવાઈઝર દયાબેન કરકર સહિત સ્ટાફ દ્વાર દુંબદાળા દેવનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું અને મહાપ્રસાદનું વિતરણ કરી વિધાર્થીઓ દ્વારા ગણપતિની વેશભૂષા સાથે ભાવપૂર્ણ દાદા ની વિસર્જન યાત્રા કાઢી વિસર્જન કરવામાં આવ્યું હતું. તેમજ અહીં સાથે ધોરણ ૧ થી ૫ ના વિધાર્થીઓના વાલીઓનું માતૃપિતૃ વંદના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ જોડાયા હતા. જેમાં બાળકો દ્વારા પોતાના માતા પિતાનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

# સમગ્ર જિલ્લામાં એક આદર્શ અને સુવિધાસભર ગામ એટલે સાવરકુંડલાનુ જાબાળ ગામ






સાવરકુંડલા તાલુકામાં આવેલું જાબાળ ગામ આજે સમગ્ર જિલ્લામાંએકઆદર્શઅનેસુવિધાસભર ગામતરીકેઓળખાયછે. ગામનાવડીલો અનેઆગેવાનોનાપ્રયાસોતથાયુવાનોની સજાગતા કારણે જ આ ગામે ૧૦૦ટકા સુવિધાઓમેળવીનેપોતાનુંઆગવુંસ્થાન બનાવ્યું છે. ગામમાં આજે રોડ, રસ્તા, ગટર, વીજળી, પાણીજેવીતમામજરૂરી સુવિધાઓઉપલબ્ધછે. ગામનીઅંદરદરેક ઘર સુધી વીજળી પહોચી ચૂકી છે, સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાંઆવી છે અને ગટરના પાઈપલાઈનથી ગંદા પાણીનું વ્યવસ્થિત નિકાલ થાય છે. રોડ અને રસ્તાઓ પક્કા બનાવી દેવાયા છે. જેનાકારણેવાહનવ્યવહારસરળથયોછે. રાત્રે ગામના દરેક ખૂણે સ્ટ્રીટલાઈટ પ્રગટતી હોવાથી અંધકારની સમસ્યા રહેતી નથી. બી.એમ. ખુમાણ જણાવે છે કે જાબાળ ગામની કુલ વસ્તી આશરે ૨૬૦૦જેટલીછે. જેમાંથીઆશરે ૬૦૦ લોકોરોજગાર અને વ્યવસાયની તકમાટે બહારનાશહેરોઅથવારાજયોમાંરહેછે, જયારે બાકી ૨૦૦૦ લોકો ગામમાં જ વસવાટ કરે છે. આ ગામનુંવિશેષ એછે કે અહીં દરેક વ્યક્તિને રોજગારી ઉપલબ્ધ છે. મોટાભાગનાલોકોખેતીસાથેજોડાયેલા છે અને કૃષિને મુખ્ય વ્યવસાય તરીકે અપનાવ્યો છે. ગામની ધરતી ઉર્વર છે, એટલેધાન, ઘઉં, કપાસ, શાકભાજી જેવા પાકો તેમજ ડેરી ઉદ્યોગ પણ અહીં મહત્વની આવકનું સાધન છે. ગામના ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવીને ઉત્પાદન વધારે છે, જેથી તેમનીઆર્થિકસ્થિતિમજબૂતબનીરહી છે. ડ્રીપ સિંચાઈ, આધુનિક ટ્રેક્ટર અને કૃષિ સાધનોનો ઉપયોગ કરીને ખેતી વધુ સરળ અને લાભકારી બની છે. જાબાળ ગામના બાળકો અને યુવાનો માટે શિક્ષણ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ગામથી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે નજીકના રાજુલા, સાવરકુંડલા અને અમરેલી શહેરોમાં જવા બસની સારી સુવિધા ઉપલબ્ધ છે. બસ સેવાઓ નિયમિત હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં કોઈ મુશ્કેલી નથી આવતી. ગામમાંપ્રાથમિકશિક્ષણનીસગવડછે. જયારે ઉચ્ચતર શિક્ષણ માટે શહેરોમાં જઈને વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ વધારે છે. ગામની એકતા અને સહકાર જ તેની સૌથી મોટી તાકાત છે. કોઈપણ પ્રસંગ કે સમસ્યા આવે ત્યારે ગામવાસીઓ સાથે મળીને તેનો ઉકેલ લાવે છે. ગામમાં સામાજિક સંસ્થાઓ સક્રિય છે, જે વિવિધ વિકાસકારી કાર્યોમાં યોગદાન આપે છે. આ રીતે જાબાળ ગામ ખરેખર ૧૦૦ ટકા સુવિધાસભર અને સ્વાવલંબી ગામ તરીકે સમગ્ર જિલ્લામાં ઉદાહરણ પુરૂ પાડે છે. ગામવાસીઓની મહેનત, આગેવાનોની દ્દષ્ટિ અને યુવાનોની તાકાતને કારણે જ આ ગામ આજના સમયમાં આધુનિક સુવિધાઓથી સમૃધ્ધ બનીને આગળ વધી રહ્યું છે.

### આગામી ૧૧ સપ્ટેમ્બરનાં રોજ

## બાબરા ખાતે ચુવાળીયા ઠાકોર સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

**શ્રી વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા આયોજન**

બાબરા, તા. ૬

બાબરામાં વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા આગામી તા. ૧૧/૯/૨૫ને ગુરૂવારના રોજ બપોરના ૩ કલાકે અહીં શહેરમાં આવેલ પ્રજાપતિ સમાજની વાડી ખાતે સુવાળીયા ઠાકોર સમાજનો પ્રથમ વિદ્યાર્થી સન્માન સમારંભ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જયદીપસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને અને અમરેલી પોલીસના એસ સી બી પોલીસ ઈન્સ્પેક્ટર વિજયભાઈ કોલાદરાના મુખ્ય મહેમાન પદે ભવ્યથી ભવ્ય યોજાશે.

જેમાં બાબરા શહેર સહિત તાલુકાના સુવાળીયા ઠાકોર સમાજના ધોરણ ૫ થી કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

આ તકે બાબરા સહિત તાલુકાના અને જિલ્લાના સુવાળીયા ઠાકોર સમાજના અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે કાર્યક્રમને સફળ બનાવવા વેલનાથ પ્રગતિ મંડળના સભ્યો તડામાર તૈયારિયો કરી રહ્યા છે.

## અમરેલી જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર ૯ સપ્ટેમ્બર યોજાશે

અમરેલી, તા. ૬

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગર્વમેન્ટ ઓફ ગુજરાત દ્વારા આયોજીત, ડી.ઈ.ઓ. એવમ ડી.પી.ઈ.ઓ.ના માર્ગદર્શન હેઠળ એવમ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ગિરધરભાઈ સંગ્રહાલય અને બાલભવન, અમરેલી ખાતે યોજાનાર જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર તા. ૯ સપ્ટેમ્બર–૨૦૨૫, મંગળવારના રોજ સવારના ૮–૩૦ કલાકથી પ્રારંભ થશે.

જિલ્લાના ધો.૮ થી ૧૦ ઓનલાઈ રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓ ''કવોન્ટમ યુગનો આગાઝ– સંભાવનાઓ અને પડકારો'' પર પોતાના બૌધિક વિચારો રજુ કરી વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યેની ઉત્સુકતા ઉજાગર કરશે.

વધુ વિગત માટે ડાયરેકટર નિલેશ કે. પાઠક, મોબાઈલ નંબર : ૯૯૨૫૦ ૮૪૭૩૩ પર સંપર્ક કરી શકશે.

સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા તથા ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતાએ સહભાગી થનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવેલ છે.

### કૃષિ રાહત પેકેજને લઈને ઠેર–ઠેર નારાજગી

## ખાંભા પંથકનાં ૫૧ ગામોની કૃષિ રાહત પેકેજમાંથી બાદબાકી

**રાજકીય આગેવાનો પણ નારાજ બન્યા**

ખાંભા, તા. ૬

અમરેલી જિલ્લામાં તાજેતરમાં રાજય સરકાર દ્વારા ખેડૂતો માટે સહાય પેકેટ જાહેરાત કરવામાં આવી છે. જેમાં ખાંભા તાલુકાના ૫૭ ગામમાંથી ૬ ગામનો જ સમાવેશ થતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે રાજકીય આગેવાનો દ્વારા રજુઆત પણ કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ઓકટોબર ૨૦૨૪ના વર્ષમાં અતિવૃષ્ટિ થઈ હતી અને ખેતીના કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું અને ખેડૂતોએ નુકશાનીનુ વળતર આપવા સરકાર પાસે માંગ કરી હતી. ત્યારે રાજય સરકાર દ્વાર થોડા દિવસો પહેલા નુકસાનીનું સહાય પેકેજ જાહેર કર્યુ હતું. તેમાં અમરેલી જિલ્લામાં ખેડૂતોને અન્યાય થયો હોય અને અમુક ગામડાઓને આ પેકેજમાં સમાવેશ કરવામાં ન આવ્યો હતો ત્યારે ખાંભા તાલુકાના ૫૭ ગામડાઓમાંથી માત્ર ૬ ગામડાઓને આ પેકેજ આપવાની જાહેરાત કરી હતી. ત્યારે બાકીનાં ૫૧ ગામડાઓને આ સહાય પેકેજમાંથી બાકાત રાખવામાં આવતા ખેડૂતોમાં સરકાર સામે રોશ જોવા મળ્યો હતો અને સરકાર દ્વારા વહાલા દવલાને નીતિ રાખી હોવાનો આક્ષેપ ખેડૂતોએ કર્યો હતો અને બાકી રહેલા તમામ ગામડાઓનો આ સહાય પેકેજમાં સમાવેશ થાય તેવી માંગ કરી હતી.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧
























સન્ડે સ્વીટ્સ
અમરેલી એક્સપ્રેસ
તા.૦૭–૦૯–૨૦૨૫

# ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ.. ૨૫૦– ૧૯૬૪**

**૧) ઈસ રંગ બદલતી દુનિયા મે ઈન્સાન કી નિયત ઠીક નહીં.. નિકલા**
**૨) જાનેવાલો જરા. હોસિયાર.. યહાં કે હમ હૈ.. રાજ કુમાર.. આગે પીછે**
**૩) તુમને કિસી કી જાન કો જાતે હુવે દેખા હૈ. વો દેખો મુજ સે રૂઠકર મેરી**
**૪) દિલરૂબા. દિલ પે તું. યે સિતમ. કિયે જા. આ. હમ ભી તો આગ મે..**
**૫) તુમને પુકારા એર. હમ ચલે આયે.. દિલ હથેલી પર લે આયે..**
**૬) આજા આઈ બહાર. દિલ હૈ બેકરાર. આ મેરે રાજ કુમાર.. તેરે બિન**

**પ્રિય વાચક મિત્રો ,**

ઈદે મિલાદનો પવિત્ર તહેવાર આવી ગયો, તમામ વાચક મિત્રોને ઈદ મુબારક. અને આ વીકમાં પિતૃ તર્પણના શ્રાદ્ધના દિવસો શરૂ થશે, જીવનમાં માતા–પિતાનું મહત્વ જે લોકો સમજે છે, અને તેમના વૃદ્ધાવસ્થામાં જે લોકો સેવા કરી પુણ્ય મેળવી લે છે, તે સાચું પિતૃ પૂજન છે.

૧૯૬૪ ના ફિલ્મી સફરમાં માત્ર બે ફિલ્મોની વાત બાકી છે, રાજ કુમારએ શમ્મી કપૂરની સુપર હિટ ફિલ્મ રહી, ફિલ્મી દુનિયામાં ઘણા કલાકારોને




એક બિરૂદ મળે છે, જેમ કે, દાદામુનિ એટલે કે અશોક કુમારને ફિલ્મના અભિનયની વિદ્યાપીઠ કહી શકાય અને, તો દિલિપ કુમારએ અભિનયની શાળા અને ટ્રેજેડી કિંગ જેવા ઉપનામે ઓળખાય છે, રાજ કપૂર એક સીધા ભોળા યુવાન રૂપે, તો દેવ સાહેબ સદા બહાર કહેવાય છે, ધરમજી હી મેન, તો અમિતાભ એંગ્રી યંગ મેન કહેવાય છે, જયારે શમ્મીને જંગલી, જાનવર અને પાગલનું ઉપનામ મળ્યું, છતાં તેઓ દર્શકોના દિલ અને દિમાગ પર છવાઈ ગયા છે. આ ફિલ્મમાં પિતા પૃથ્વી રાજ અને પુત્ર શમ્મી, બન્ને ફિલ્મમાં પણ પિતા અને પુત્રના પાત્રોમાં જોવા મળે છે, શમ્મીનો અવાઝ સંપૂર્ણપણે પૃથ્વીરાજ કપૂરને મળતો આવે છે, આ ફિલ્મનું સંગીત શંકર જયકીશને આપ્યું છે, ગીતોને સ્વર, રફીસાહેબ, લતાજી, આશાજી અને સુમન કલ્યાણ પૂરે આપ્યા છે, રફી સાહેબ તેમના સ્વરમાં કયારેય ઓચિંતા ફેરફાર કદી કરતાં ના હતા, પણ આ ફિલ્મનું ગીત તેમાં અપવાદ છે, રફી સાહેબ અને આશાજીના સ્વરમાં ગીતનું રેકોર્ડિંગ ચાલુ હતું, શમ્મી પણ દરેક ફિલ્મોમાં ગીતના રેકોર્ડિંગમાં હાજર રહેતા તેમ સ્ટુડિયોમાં હાજર હતા, અને ગીત અંતિમ તબક્કામાં પહોચી ગયું હતું, અને રફી સાહેબે ઓચિંતા જ તેનો સ્વર બદલાવી, મુખડું ગાયું, ગીત હતું, દિલરૂબા દિલ પે તુંયે સિતમ કિયે જા.. રફી સાહેબના ફાળે આ શબ્દો છે, કે હમ ભી તો આગ મે જલતે રહે, પ્યાર કે શોલો પે ચલતે રહે,..આહો...... અને તે રફી સાહેબે અલગ જ સ્વરમાં ગીત ગાયું જયકિશન સાહેબે રેકોર્ડિંગ ચાલુ જ રાખ્યું, અને યુનિટના તમામ સભ્યો અને સાજિંદા આને કઈક અલગ જ અનુભવ થયો, આશાજીએ ગીત પૂર્ણ થયા બાદ, રફી સાહેબને કહ્યું, કે મારે ગીત પૂર્ણ થયું હતું જો બાકી રહેલ હોત તો હું આગળ કેમ ગાવું તે સમજી શકી ના હતી, અને આ ગીત ખુબ જ લોકપ્રિય થયું, રફી સાહેબનો બદલાતો અવાઝ એક જાદુ બની ગયો.

આ ગીતમાં શંકર જયકીશને તેમના સંગીતથી અલગ જ સંગીત આપ્યું છે, અને તે સમયે ઉપયોગમાં લેવાતા ઈન્સ્ટુમેન્ટમાં અલગ જ ઈન્સ્ટુમેન્ટનો ઉપયોગ કર્યો હતો.

ફિલ્મની કથા એક કાલ્પનિક કથા છે, ફિલ્મમાં રાજા શાહી પણ છે, અને એરોપ્લેન પણ દેખાય છે, કાર પણ દેખાય છે, અને ટેપ રેકોર્ડર પણ દેખાય છે, આ તે સમયે કઈક નવું હતું, હજુ ભારતમાં ઘરે ઘરે રેડિયો પણ પહોચ્યો ના હતો. અને નાયક ઉચ્ચ અભ્યાસ કરેલ તો નાયિકા એક વનજારા સમુદાયની બતાવેલ છે, ટૂંકમાં ફિલ્મની કથા જોઈએ તો, પૃથ્વી એક રાજયનો રાજા છે, અને તેની પ્રથમ પત્ની જે હયાત નથી, તેનો પુત્ર શમ્મી વિદેશથી અભ્યાસ પૂર્ણ કરી આવી રહ્યો છે, પણ પૃથ્વીની સોતેલી માતા, મનોરમાં તેના ભાઈ જે રાજયમાં સેનાપતિ છે, તેવા પ્રાણની મદદ લઈ, તેના બાળ પુત્રને ભવિષ્યનો રાજા જોવા માંગે છે, તેથી શમ્મી પર પ્રાણ જીવલેણ હુમલો કરે છે, પણ તે બચી જાય છે, શમ્મી તેની જાતને એક પાગલ અને મનમોજી યુવાન રૂપે રજૂ કરે છે. લોકો અને પિતા પૃથ્વી પણ તેની આ હરકતથી નારાજ છે. શમ્મીની મુલાકાત વણજારાની રાજકુમારી સાધના સાથે થાય છે, બન્ને નજીક આવે તે પહેલા પ્રાણ શમ્મીના વેશભૂષામાં સાધનાના પિતાની હત્યા ઓમ પ્રકાશની મદદ લઈ કરે છે, ઓમ પ્રકાશને તે સમુદાયનો મુખી બનવું છે, તેથી તે પ્રાણને સહકાર આપે છે. આ હત્યાનો આરોપ શમ્મી પર આવે છે, શમ્મી ત્યાંથી ભાગી જાય છે, અને સાધનાને રૂપ બદલી રામ નામના ભોળા યુવાન રૂપે મળે છે, બન્ને એક બીજાને ચાહવા લાગે છે. અંતે શમ્મી અસલી ખૂની પ્રાણ છે, તે ઓમ પ્રકાશ પાસે કબૂલ કરાવી લે છે, પણ પ્રાણ તેમ હાર માને તેમ નથી, તે શમ્મીને કેદ કરી લે છે, પૃથ્વીને પણ કેદ કરી લે છે, પણ અંતે સત્યનો વિજય થાય છે. શમ્મી અને સાધના એક થાય છે. આવી સંપૂર્ણ મનોરંજક આ ફિલ્મની કથા તે સમયે તદ્દન નવી જ હતી, અને રામાનંદ સાગરે સંવાદ લખ્યા હતા અને કથા મનમોહન દેસાઈએ લખી હતી.

ફિલ્મ સફળ થવામાં જમા પાસું એ ફિલ્મનું સંગીત હતું. શમ્મીની




ફિલ્મમાં એન્ટ્રી સમયે, રફી સાહેબના સ્વરમાં..જાનેવાલો જરા હોશિયાર, યહાં કે હમ હૈ રાજ કુમાર .. ગીત લોકપ્રિય છે, તો સાધનાને મોહક અદામાં રજૂ કરતું ગીત જે લતાજીના સ્વરમાં છે, આજા આઈ બહાર. દિલ હૈ બેકરાર આ મેરે રાજ કુમાર , તેરે બિન રહા ના જાય..માં લતાજીએ તેરે બિન રહા ના જાયે.. એકદમ માદક સ્વર આ ગીતમાં રજૂ કરેલ છે. રફી સાહેબના સ્વરમાં ..તુમને કિસી કી જાન કો જાતે હુવે દેખા હૈ ..વો દેખો મુજ સે રૂઠકર મેરી જાન જા રહી હૈ.. અને ઓલટાઈમ એવરગ્રીન સોંગ.. ઈસ રંગ બદલતી દુનિયા મે ઈન્સાન કી નિયત ઠીક નહીં , નીકલા ના કરો તુમ સજધક કર ઈમાન કી નિયત ઠીક નહીં, યાદગાર ગીત છે, અને રફી સાહેબ અને સુમન જીના સ્વરમાં યાદગાર ગીત.. તુમને પુકારા ઔર હમ ચલે આયે દિલ હથેલી પર લે આયે.. તુમને પુકારા ઔર હમ ચલે આયે, જાન હથેલી પર લે આયે રે... ગીતના શબ્દો હસરત જઈપૂરીના છે જે દરેક યુવા દિલને પાગલ કરવા માટે પૂરતા છે . જેમ કે આજ ખેલો મેરી ઝૂલફો સે, ઈજાજત હૈ તુમ્હે, મુજ કો છુ લો, મેરી નસ નસ મે શરારે ભર દો, મેરે દિલદાર મેરી આંખો મે રહને વાલે, મે તુમ્હારી હું, મેરી માંગ મે તારે ભર દો. અને ફિલ્મનું એકમાત્ર ગીત આશાજી અને રફી સાહેબના સ્વરમાં જેમાં બદલાયેલ રફી સાહેબનો સ્વર છે, તે ગીત, દિલરૂબા, દિલ પે તુંયે સિતમ કિયે જા ..કિયે જા ..આ હમ ભી તો આગ મે જલતે રહે , પ્યાર કે શોલો પે ચલતે રહે .. હો આ...... ગીતના શબ્દો શૈલેન્દ્રએ લખ્યા છે જે યુવાનોને બેકરાર કરી શકે તેમ છે, જેમ કે, આજ દિલ કે તુમ ઈતને પાસ હો. જૈસે મેરી ધડકન, એક આજ સે અપને જીસ્મ આ જા એક અપને તન મન ..આજ એક સાથ મહકે હૈ દો ગુલાબ, એક ડોર સે ગૂંથે હૈ દો મોતી, એક સાથ ધકડે હૈ દો દિલ.. દિલરૂબા..દિલ પે

આ ફિલ્મ શમ્મીનો પાગલ અભિનય અને સાધનાની ખૂબસૂરતી અને મોહક અદા આના લીધે વધુ લોકપ્રિય થઈ હતી. મનમોહન દેસાઈ જે આગળ જતાં એક મહાન નિર્માતા નિર્દેશક બનશે, અને તેમની તમામ ફિલ્મો સંપૂર્ણ મનોરંજક જ હોય છે, તેમણે આ ફિલ્મની કહાની લખી છે, મનમોહન એક મુલાકાતમાં એવું કહ્યું હતું કે હું ફિલ્મો દર્શકોને માત્રને માત્ર મનોરંજન આપવા બનાવું છુ, મારી ફિલ્મો જોવા આવો ત્યારે મગજ ઘરે મૂકી આવવું. અને તેમના આ શબ્દોમાં શંકા નથી. તેમની ફિલ્મો હમેશા મનોરંજક જ રહી છે. પ્રાણ આ ફિલ્મમાં પણ ખલનાયકના રૂપે છવાયેલા રહે છે, કાશ્મીર કી કલી અને રાજ કુમાર બન્ને ફિલ્મોમાં પ્રાણની નેગેટિવ ભૂમિકા પસંદ કરવામાં આવી છે. બન્ને ફિલ્મોમાં અંતના ૧૫ મિનિટ ઉપરના દ્રશ્યો દિલ ધકક ફાઈટથી દર્શકોને જકડી રાખે છે.

આ ફિલ્મ સુપર હિટ રહી હતી. આગામી અંકમાં રાજ કપૂરના હોમ પ્રોડકશનની આ વર્ષની પ્રથમ નંબરની સફળ સુપર હિટ ફિલ્મની વાત કરીશું. રાજ સાહેબના નિર્માણ અને નિર્દેશનમાં તેમને નાયક રૂપેની સફળતાની આ અંતિમ ફિલ્મ છે, ત્યારબાદ રાજ સાહેબેની નિર્માણ અને નિર્દેશનમાં ફિલ્મ આવશે, જે પ્રદર્શિત સમયે સફળ રહી ના હતી, પણ હિન્દી સિનેમા માં તે ફિલ્મ એક માઈલ સ્ટોન રૂપે આજે પણ લોકપ્રિય છે, તેની વાતને હજુ બે વર્ષની વાર છે, પણ રાજ સાહેબની આ વર્ષની સફળ ફિલ્મ સાથે મળીશું. આભાર

# * હદય રોગ–૧ *

મારા મુંબઈમાં રહેતા લંગોટીયા મિત્રને ૧૦ દિવસ પહેલા ગંભીર પ્રકારનો હદયનો હુમલો (એટેક) આવ્યો અને ત્તાત્કાલીક બાયપાસ સર્જરી કરાવવી પડી. મારો આ મિત્રને હું બાલમંદીરથી બાર ધોરણ સુધી સાથે ભણેલા હતા, ભણવામાં પણ તે ખુબ હોશીયાર હતો, ક્રિકેટ સારૂ રમતો અહિં અમરેલીમાં વિશાળ ફળીયા વાળુ તેનુ ઘર હતુ.

ગત મે મહીનામાં તે અમરેલી આવ્યો ત્યારે મને મળવા આવ્યો હતો, પહેલા તો હું તેને ઓળખી નો શકયો કારણ એ છે ૫૨ વર્ષનો પણ ત્યારે મને ૭૫નો હોય તેવો લાગ્યો હતો, મારી સાથે અડધી કલાક બેઠો એટલીવારમાં બે સીગારેટ તેણે પી લીધી. મે એને પુછ્યુ કે આ વ્યસન ક્યારથી લાગી ગયુ ને કેમ સાવ આમ ઉદાસ દેખાય છે. મને કે ભાવેશ તમારે અહીં શાંતી છે કોઈ હાડમારી નથી એટલે તને નહી સમજાય. મિત્રએ તેની જે વાત કરે તે આ પ્રમાણે હતી. મુંબઈ એક ફેકટરીમાં તેની આસીસ્ટન્ટ મેનેજર તરીકેની જોબ હતી, નોકરીમાં પહોંચવા સવારે ૭ વાગ્યાની લોકલ ટ્રેનમાં જવાનુ, કયારેક રાત્રે મોડું થયુ હોય તો ઉઠવામાં મોડુ થાય તો ઉઠતાની સાથે તૈયાર થવાની ધમાધમ શરૂ થઈ જાય, ઉતાવળે–ઉતાવળે શૌચક્રિયા પતાવી, શરીર પર પાણી રેડી, મોંમા જેમ તેમ બે–ચાર પુરી અને થોડોક ચેવડો ઠાંસીને ભાગમ–ભાગ સ્ટેશને પહોચવાનું, કયારેક આટલી ઉતાવળ કરવા છતાં ટ્રેન છુટી જાય. પંદર–વીસ મિનિટ ગુસ્સા અને હતાશામાં વિતાવ્યા પછી બીજી ટ્રેન આવે જે રોજની જેમ ઠસોઠસ




ભરાયેલી હોય, માંડમાંડ લટકીને જવા માટે પગ ટેકવવાની જગ્યા મળે. આ રીતે ઓફીસે પહચું ત્યા બોસ ધુઆં પુંઆ બેઠા હોય એ સખત શબ્દોમાં ખખડાવી નાંખે અને વારંવાર નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપે. હજી તો આ દિવસની શરૂઆત હોય, ગુસ્સા અને હતાશાને કારણે કામ પર પુરૂ ધ્યાન ન હોય ત્યા દિવસમાં બે–ત્રણ વાર ઠપકો સાંભળવાનો આવે. પરિણામે ટેન્શનમાં ને ટેન્શનમાં સિગારેટ પીવાની ટેવ પડી ગઈ. બપોરે જમવામાં ઠંડા પરાઠા અને શાક ખાવાનું. સાંજે પાછો ટ્રેઈનની ભાગદોડ–ભીડ વગેરેનો ભોગ બની મોડી રાતે ઘરે થાકયો પાકયો પહોચુ. ત્યા પત્નિ જુદા જુદા ખરીદીના અને સામાજીક કામો સાથે તૈયાર બેઠી હોય જે કામો ઘણા દિવસથી રહી જતા હોય આ પરીસ્થીતીમાં કયારેક મન પર કાબુ ગુમાવી બેઠું અને પત્નિ સાથે મોટો ઝગડો થઈ જાય. છોકરાવ તો હુ સવારે ઘરેથી નિકળુ ત્યારે ઉંઘતા હોય ને રાત્રે ઘરે પાછો ફરૂ ત્યારે પણ સુઈ ગયા હોય. રાત્રે થેપલા, શાક, દાળ, ભાત ખાઈને મુડ વગર પથારીમાં પડયો–પડયો કાલની ચિંતામા બારેક વાગે સુઈ જાવ.

મારો આ મિત્રને હુ ૧૯૮૮માં દસમાં ધોરણમાં સાથે હતા ત્યારે એને દસમાં માં ૭૫ ટકા માર્કસ આવેલા (એ વખતે ૮૦–૮૯ ટકા એ બોર્ડ ફર્સ્ટ હોય તેને આવતા) એ વખતે મે તેને કીધેલુ કે તુ પીટીસીમાં એડમીશન લઈ લે (એ સમયે દશમાં ધોરણ પછી પીટીસી થતુ અને તરત શીક્ષક તરીકે નોકરી મળી જતી) ત્યારે તેણે એવુ કહેલુ મારે અમરેલી જેવા ગામમાં રહી મારી કેરીયર ખરાબ નથી કરવી મારે તો મોટા સીટીમાં જાવુ છે. ૧૯૮૮માં તેણે પીટીસી કરી લીધુ હોત તો આજે તેની નોકરીને ત્રીસક વર્ષ થઈ ગયા હોત અને કદાચ આજે તેનો પગાર લાખ રૂપીયા જેટલો હોત, આજે આવી હાડમારીમાં તે પચાસ હજાર કમાઈ છે અને મુંબઈના ખર્ચામાં માંડ પાંચેક હજારની તે બચત કરી શકે છે.

આજકાલ જેમ જેમ કહેવાતો 'વિકાસ' વધતો જાય છે તેમ તેમ અસ્વસ્થ જીવનશૈલી અને માનસીક–તાણને કારણે ઉદભવતા રોગોનું પ્રમાણ પણ વધતું જાય છે. 'વિકાસ' વધવાની સાથે માણસની જીવન શૈલી બગડતી જાય છે. પહેલાના જમાનામાં માણસને એક યા બીજા કારણે ચાલવાની તથા રોજિંદા કામથી એટલી કસરત મળી જતી કે એની તંદુરસ્તી જળવાઈ રહેતી. કામ અને સમાજના સબંધોમાં માનસિક તાણનું પ્રમાણ પણ ઓછું રહેતુ. માણસ કુદરતના સાનિધ્યમાં કુદરત સાથે તાલ મેળવીને જીવન જીવતો હતો જેમ જેમ ઔદ્યોગીકરણ થતુ ગયુ તેમ તેમ માણસે કદરતનું સાનિધ્ય ગુમાવવા માંડયુ. મશીનો અને ઉપકરણોથી ઘેરાઈને, શ્રમ કરવાનું બંધ કરી દીધુ, કુદરતી ખોરાકનો ત્યાગ કરી બિનકુદરતી આહાર વધુને વધુ ખાવા માંડયા, પૈસા વધતા ખોરાકમાં વધુ મોંઘા એવા તૈલી આહારનું પ્રમાણ પણ વધવા માંડયુ–ખોરાક અસંતુલીત થઈ ગયો, શહેરી જીવનની ભાગદોડ અને ધમાલ વધવા લાગ્યા–માનસિક શાંતી ઘટવા લાગી, માનસિક શાંતી મેળવવા વધુને વધુ ભોગ અને વ્યસનો તરફ માણસ ખેંચાતો ગયો. ધંધાની હરિફાઈમાં ટકવા અનેક ખોટા રસ્તાઓ અપનાવતો થઈ ગયો. ઝગડા, ઈર્ષ્યા, સ્વાર્થ અને તિરસ્કાર વધતા ગયા. આ બધાનું પરિણામ એ આવ્યુ કે માણસમા જાતજાતના રોગો પણ વધતા ગયા. માણસની જીવન શૈલી બિનઆરોગ્યપ્રદ થવાથી હદયરોગ, ડાયાબીટીસ, હાઈબ્લડ્પ્રેશર અને મનો રોગનું પ્રમાણ વધવા લાગ્યું.

**મર્મબિંદુ :**
ધંધા–રોજગાર માટે અમરેલી જીલ્લાને છોડીને મોટા શહેરો તરફ જતા અમરેલી જીલ્લાના યુવાનોને આ બાબતનો વિચાર કરવાની જરૂર છે, અમરેલીમાં જ તમને સારી નોકરી–ધંધા હોય કે તમારી પાસે ખેતી લાયક જમીન હોય તો શહેરના મોહે તમે કયાક ભુલ કરીને અમરેલીની શાંતી વાળી જીંદગી છોડીને હાડમારી તો નથી અપનાવતા ને ? (ક્રમશઃ)

# *ભાદરવાનું કેળું અને માગશરનો મૂળો જો ના આપે તો ઝુટાવીને પણ ખાવું. ભાદરવો એટલે છૂટી છવાઈ વરસાદી સીઝન.... અને બીમારીનું પ્રવેશદ્વાર*

વર્ષાની વિદાય અને શરદનું આગમન એટલે ભાદરવો. દિવસે ધોમ ધખે (તડકો ખુબ હોય) અને મોડી રાત્રે ઠંડક હોય, ઓઢીને સુવુ પડે એવો ઠાર પડે. આયુર્વેદાચાર્યો કહી ગયા છે કે વર્ષાઋતુમાં પિત્તનો શરીરમાં સંગ્રહ થાય અને શરદઋતુમાં તે પિત્ત પ્રકોપે (બહાર આવે). આ પ્રકોપવું એટલે તાવ આવવો, ગરમી શરીરની બહાર નીકળવી. ભાદરવાના તાપ અને તાવથી બચવા ત્રણ–ચાર ઘરગથ્થુ પ્રયોગો (જે જાતે અનુભવ ને આધારિત છે.) (૧) ભાદરવાના ત્રીસે દિવસ રોજ રાત્રે સુતા પહેલા સુદર્શન/મહાસુદર્શન ઘનવટી – ૨–૩ ટીકડી ચાવીને નવસેકા ગરમ પાણી સાથે લેવી. (૨) ભાદરવા સુદ ૩ (કેવડા ત્રીજ) નું વ્રત અને ભાદરવા સુદ ૪ (ગણેશ ચતુર્થી) થી ૧૧ દિવસ ગણેશજીની દૂર્વા અને દેશી ગોળ – દેશી ઘીના ગોળાકાર જ લાડુથી આરાધના કરવામાં આવે છે. જે પિત્તપ્રકોપ ને શાંત કરે છે. (૩) અનુકૂળતા હોય તો ભાદરવાના ત્રીસે દિવસ દુધ –ચોખા–સાકરની ખીર, ગળ્યુ દુધ એ વકરેલા પિત્તનુ જાની દુશ્મન છે. આ હેતુથી જ શ્રાદ્ધપક્ષમાં ખીર બનાવવાનુ આયોજન થયુ હતુ. (૪) જેની છાલ પર કથ્થાઈ/કાળા ડાઘ હોય એવા પાકેલા એક કેળાને છુંદીને એમાં ઘી, સાકર, ત્રણ ઈલાયચી ઉમેરી બપોરે જમવા સાથે ખાવા. (જો ખીર અને કેળા – બન્નેનો પ્રયોગ કરવો હોય તો કેળા બપોરે અને ખીર સાંજે એમ ગોઠવવું) (૫) ભૂલેચૂકે ખાટી છાશ ન જ પીવી. ખુબ વલોવેલી, સાવ મોળી છાશ લેવી હોય તો કયારેક અને બપોરે જ ભોજન પછી તરત જ લેવાય. (૫) ઠંડા પહોરે (વહેલી સવારે કે સાંજે) પરસેવો વળે એટલું ચાલવું. શરીરની અનુકુળતા હોય તો ૫ કિલોમીટર દોડવું. (૬) નવરાત્રિમાં ઠંડી અને ચાંદની રાતમાં રાસગરબાના આયોજન પાછળનું કારણ આ જ છે. શરદ પૂનમની રાત્રે સોળે કળાએ ખીલી ઉઠેલ ચંદ્રને ધરાવેલ દૂધ–પૌવા જ આપણે ભોજનમાં ઉપયોગ કરીએ છીએ. આચાર્યોએ શરદને રોગોની માતા કહી છે – રોગાળામ શારદી માતા અને ' યમની દાઢ ' પણ કહી. આપણામાં એક આશિર્વાદ પ્રચલીત હતો. શતમ જીવેમ શરદ એટલે કે આવી સો શરદ સુખરૂપ જીવી જાઓ એવી શુભેચ્છા આપવામા આવતી. અસ્તુ. ગણેશચતુર્થી થી ૧૧ દિવસ ગણેશજીની આરાધના દૂર્વા અને ગોળ અને દેશી ઘીના ગોળાકારના લાડુનો ભોગ ધરાવીને કરીએ છીએ જે પિત્ત પ્રકોપને શાંત કરે છે. બધાની તંદુરસ્તી સારી બની રહે તે માટે પ્રાર્થના સહ પ્રણામ. આ લેખ બધાને કામ લાગે તેવો છે. સવે ભવન્તુ સુખિત : સર્વે સન્તુ નિરામયા.

દિપ્તિબેન પી. રાવલ
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા–જિ.રાજકોટ

# રામ કૃપા તે પારદ્રતિ, સપને હું તવ મન માહિં ।

રામકૃપા ભા કાજ વિશેખી

આફ્રિકાથી ગુરૂપૂર્ણિમાના આગલા દિવસે ભગવાન મુંબઈ પધાર્યા. બીજે દિવસે વહેલી સવારે ચાંદીવલીમાં શ્રીગુરૂપૂજનનો ઉત્સવ હતો ત્યાંથી ભગવાન પ્લેનમાં રાજકોટ પધાર્યા. સવારે લગભગ આઠ વાગે ત્યાં ઉત્સવ મનાવવાનો હતો. એ પ્રસંગે બા બાપુજી રાજકોટ ગયેલા.

હું જયપુર હતી. લાંબા સમયથી ભગવાનના દર્શન થયેલા નહીં. આફ્રિકા ગયા ત્યારથી આજ સુધી કોઈ પત્ર પણ ન હોવાથી ગુરૂપૂર્ણિમાને દિવસે સવારે અગિયાર વાગ્યાની આસપાસ રામનામ લખતા આંખમાં આંસુ હતા. મનમાં વિચારતી હતી. ભગવાનના હજારે ભકત કે શિષ્યોમાં મારી શી ગણતરી ? હવે તો ભગવાન આટલે દૂર જઈ મને ભૂલી પણ ગયા હશે તેથી જ તો પત્ર પણ નથી. તેવા વિચારો ચાલતા
હતા.

કહે તે હરિ મેહિ બિસારો...

એક મંદ મેં મેહવશ,
કુટિલ હ્રદય અજ્ઞાન
પુનિ પ્રભુ મોહિ બિસારેઉ,દીનબંધુ ભગવાન.

કારણ આજ સુધી પ્રત્યક્ષ અપ્રત્યક્ષ રીતે પત્રો દ્વારા જે સ્નેહ અને આત્મીયતા મેળવેલી હતી તેથી હવે દર્શન કે પત્ર વિનાના દિવસે સૂના લાગે અને રડાવે તે સહજ હતું.

દરશ બિના સાંવરે,
નૈનોમેં સાગર ભર આયા
ભૂલ સકું ના તુઝે
સાંવરિયા તુને બિસરાયા.

નાનાભાઈ મહેશે મને રડતાં જેઈ પૂછયું, રામબેન, કે રે રહી હૈ ? (પ્રેમથી મહેશ મને રામબેન કહેતે ) તે શું જાણે ? તેની વાત ટાળવા પ્રયત્ન કર્યો પરંતુ તે કારણ જાણવા હઠ કરવા લાગ્યો. તેને જણાવ્યું, ભગવાનકા પત્ર નહીં આયા ઈસલિયે રો રહી. હું તેણે બાળ સહજ સ્વભાવે કહ્યું, ઉસમેં કયા રોનેકા ? પત્ર આ જાયેંગા ઠીક હૈ કહીં હું મારા કામમાં વ્યસ્ત બની ગઈ. તે દિવસે શનિવાર હતે. તે જ દિવસે રાજકોટમાં શ્રી ગુરૂપૂણિમાનું પૂજન પૂર્ણ થયા બાદ ભીડની વચ્ચેથી ભગવાન પસાર થતા હતા. તે વખતે બાપુજી પાસે આવી ઉભા રહી જેવો કાગળ મળ્યો તેમાં આટલી ભીડ વચ્ચે કોઈ આધાર વિના કાગળ હથેળીમાં રાખી જલ્દી જલ્દી લખીને બાપુજીને ચિટ્ટી આપતા કહ્યું, ઘે રમાકે ભેજ દેના. ચિટ્ટીમાં લખેલું,

પ્રિય રમા, સાદર આસીસ
ધ્યાન રખો
મેં કભી નહીં ભુલૂંગા
રણછોડદાસકા આસીસ

આ પત્ર મને સોમવારે મળે.પત્રમાં ભલે ગણેલા ગણેલા શબ્દે હતા પરંતુ પત્ર હૃદય સાથે લગાવી ભાવવિભેર બની ગઈ ભગવાન સતત સાથે છે જ તેનું ભાન થયું. અનેક રીતે જીવનમાં,
અસિ સબ ભાંતિ અલૌકિક કરણી....

ના દર્શન ભવિષ્યમાં પ્રભુકૃપાથી મળતા રહ્યા છે. માટે જ ભાષાબદ્ધ કરૈં મેં સેઈ, મેરે મન પ્રબૌધ જેહિ હેઈ જસ, કછુ બુધિ બિબેક બલ મોરે, તસ કહિહૌં હિય હરિકે પ્રેરે
રામકથા સુંદ્રર કરતારી, સંશય વિહંગ ઉડાવનિહારી ।

પરમ કૃપાલ પ્રણત અનુરાગી

દિવાળી બાદકારતક સુદ ચોથના દિવસે નિયમ પ્રમાણે પુષ્કર જતાં ઘણું લાંબા સમય બાદ ભગવાનના દર્શનને લાભ મળે. દર વર્ષની પુષ્કર ચતુર્થી કર્યા બાદ કારતક સુદ સાતમ જલારામ જયંતિના દિવસે ભગવાન 'જયપુર પધાર્યા. અનુકૂળતા પ્રમાણે એક બે દિવસ રોકાયા અને ભંડારો કરાવ્યો. તે વખતે જયપુરમાં મને કહેલું, હર મંગલવાર કૈં સુંદરકાંડકા પાઠ અવશ્ય કરના.મોટાભાગે ભગવાન હંમેશા કહેતા રહ્યા અને આચરણથી પણુ બતાવતા રહ્યા.ભજન કરો ઓર ભેજન કરાઓ. જયારે પણ ભગવાનના સાંન્નિપ્રયમાં રહેતી ત્યારે નામ સંકિર્તન, રામાયણ,સ્વાધ્યાય તેમજ ભંડારાના કાર્યક્રમો ચાલુ જ જેવા મળતા. અને કયારેક કહેતા પણ ખરા,ના જાને કેર્યો મુઝે ભેજન કરનેસે જયાદા કરાનેમેં બહુત આનંદ મિલતા હૈ.' તેમ જ સ્વૈચ્છાથી પિતે આશ્રમ કે મંદિર બનાવ્યા નથી કારણુ હંમેશ, ઈટ પર ઈંટ ન ધરે એર ઈંટોકે બદલે રોટીકા ઢેર લગાવ.' તેમ કહેતા તેમ જ કયારેક કેઈ સુખની વ્યાખ્યા પૂછતાં તેના જવાબમાં કહેતાં ;


રામનામ જપતે રહે
ભુખે કો કુછ દો
ઈતનેસે સુખ ના મિલે,
તે બનાદાસસે લો.





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)


સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૮૭ ૫૦૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



(કાવ્ય રચનામાં ભગવાન પિતાનું નામ બના અથવા બનાદાસ લખતા)

જયપુરથી પાછા ભગવાન પુષ્કર પધાર્યા અને ત્યાંથી ભાવનગર જવા રવાના થયા. મને સાથે લઈ ગયેલા. ભાવનગરમાં ભગવાનના મુકામ સ્થાનથી મારૂં રહેવાનું થોડું દૂર હતું. રેંજ બે ત્રણ બહેને સાથે સવાર સાંજ દર્શને જતી ભગવાનના નિવાસ સ્થાનની સામે જ એક ભાઈનું ઘર હતું. રેંજ તેઓ પિતાને ઘેર આવવા આગ્રહ કરતા. મારા બાપુજી પ્રત્યે પૂજયભાવથી પત્રવ્યવહાર પણ રાખતા. તેમના રોજના આગ્રહને વશ થઈ એક દિવસ અમે ત્રણેય બહેને બપોરે ભગવાનના દ્વાર બંધ હેવાથી તેમના ઘેર ગયા. થોડીવાર બેસી પાછા ફરતા હતા ત્યારે તેમણે સાથેના બહેનેને કહ્યું, તમે જાવ, રમાબેન થેડીવાર પછી આવે છે. એમના બાપુજીને પત્ર આવ્યું છે. તે સાંભળતા અનેક વિચારેથી મન ઘેરાયું કે એવો શો પત્ર હશે ? મને તાત્કાલિક બોલાવતા હશે કે શું ? બીજી બાજુ મન ભગવાનના દર્શન માટે આતુર હતું. સાથેના બહેને ગયા બાદ મેં જલ્દી પત્ર માંગતા કહ્યું, જલ્દી જવું છે. તેમણે કહ્યું,પત્ર ઉપર છે. મારી પૂજાના રૂમમાં.મારી પૂજાના પણ દર્શન કરાવું. જરા પણ રસ ન હેવા છતાં સંકોચવશાત્ બેલી ન શકી. મારે તેમને અંગત પરિચય જરાપણ નહોતે. ઉપર જતાં જ પત્ર માંગે. તેઓએ કહ્યું, પત્ર નથી આવ્યું મેં તે એમ જ કહેલું. ભગવાનની વ કરવા મને બેસવા જણાવ્યું. આ સાંભળી તેમના અસત્ય શબ્દ વિશે દુ:ખ સાથે આશ્ચર્ય થયું. પછી આવીશ કહી ત્યાંથી નીકળી ગઈ. રસ્તામાં જ એક બહેન સામે મળ્યા.તેઓ ભગવાનને કહેવાથી મને બેલાવવા આવતા હતા. ભગવાન પાસે પહોંચતાની સાથે કડક અવાજે કહ્યું, લાવ પિતાજીકા પત્ર કહાં હૈ? મેં બધી વાત જણાવી. મને લખીને આપ્યું, નહીં આગે બહુત વિચાર આયા.મેં યહાંસે અનુસંધાન કર રહા થા.ઉસકે કમરેમેં અકેલે રહના ઠીક ન થા. પર ભૈર ભવિષ્યમેં ઐસે સંકે – ચમેં મત પડ જને.

ભાવનગર મુકામ દરમ્યાન એક દિવસ રાત્રે ભગવાન પાસે એક જેતિષ વિદ્યાના જાણકાર ભાઈ આવ્યા. ભગવાનની હસ્તરેખા જેઈ હાથની છાપ લેવાની તૈયારી કરી. હાથમાં શાહી લગાવી કાગળ પર છાપ લેવા પ્રયત્ન કર્યો છતાં કાગળ કેરે જ રહ્યો જેથી બીજીવાર સારી રીતે વધારે શાહી લગાવી સરખી રીતે દબાવીને છાપ લેવા પ્રયત્ન કર્યો છતાં પણ કાંઈ વળ્યું નહીં. આ રીતે લગભગ પંદર – સત્તર વાર છાપ લેતાં તે ભાઈ પરસેવે રેબઝેબ થઈ ગયા. તે જેઈ ભગવાન તેમને ભાવ પ્રમાણે કૃપા કરી સહજ ભાવે બેલ્યા, લે લે લે જાવ. તેમ કહી છાપ આપતાં સુંદર છાપ તે ભાઈને મળી જતાં ખુશ તે થઈ ગયા પરંતુ એ તે જેટલી રેખા ઉઠવા દેવી હશે તેટલી જ આપી હશે.

રામ કિન્હ ચાહહીં સે હેઈ, કરે અન્યથા અસ નહીં કેઈ
ભાવનગર મુકામ પૂરે થતાં મેટર રસ્તે સુરેન્દ્રનગર થઈ અમદાવાદ જવાનું હતું. બે ત્રણ ગાડીઓ સાથે હતી. ભગવાનની ગાડીમાં તે અમુક વ્યક્તિએ પિતાને જ અધિકાર.

# ''શાશ્વત આનંદની યાત્રા''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

**"બંદા બોલે મેં કરૂં કરનહાર કિરતાર
કયા હોવે તેરા કિયા, હોતે હોવનહાર'' (હિન્દી)
''નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય, કયમ ? એ ઔષધ ન પીવો જેથી ચિંતા જાય.''**

સરવરની પાળે બેઠા ગીત મધુવા વીણું મીઠી વાણી બોલીને, હિસાબ હૈયાનો આપું. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધને બ્રેક મારવા પ્રભુ સ્મરણ કરવું. ચારે બાજુ યુધ્ધની સ્થિતિ છે. દુનિયામાં સુખ વધારવાને બદલે દુ:ખ વધે તેવા સંજોગો જોવા મળે છે. એકબીજા દેશ–દેશની લડાઈ એ અહંકારની લડાઈ છે. ચડિયાતા થવાની હોડ છે. પરદેશમાં કોઈ જ્ઞાનનાં ગ્રંથો લખાયા નથી આપણી પાસે રામાયણ અને મહાભારત જેવા અદ્ભુત, સુંદર જ્ઞાનના ગ્રંથો છે. આ ગ્રંથો જેને વાંચ્યા હોય તે કદી લડાઈની વાત કરશે નહિ. મહાભારત રામાયણ જેવા ગ્રંથો વારંવાર મનન કરવાની જરૂર છે જેથી કડવી વાણી ઉચ્ચારી શકીએ નહિ..! કઠોર વચનનો ત્યાગ કરવો. કોઈનું હદય દુભાય એવું ન બોલવું. જયાં ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળની ઈન્દ્રપ્રસ્થ નગરો, ગમે તેટલી શોભાયમાન હતી, પરંતુ દ્રોપદીથી આ દશ્ય જોઈ દુર્યોધનની મશ્કરી કરી. પરિણામ શું આવ્યું ?? દરેક અણબનાવોના પ્રસંગો પાછળ ટીકા, નિંદા, કડવા વેણનો ફાળો હશે. હરણને પકડવા ગયેલ રામને મોડું થતા અને મૃગછળકપટ કરી 'હે રામ ! હે રામ.' બોલે છે ! ત્યારે સીતાજી પરાણે લક્ષ્મણને મોકલે છે. પરિણામ શું આવ્યું ? સામાન્ય માનવીઓ જેવા કે આપણે ભૂલો કરીએ છીએ એ માટે આપણે માફી ક્ષમા માંગીને પરિસ્થિતિને સભાળ ીન લેવી જોઈએ. કોઈને ખોટું લાગે તેવી સલાહ પણ ન આપવી કારણ કે આ યુગમાં સલાહ બધાને મફત મળે છે. ''મધુર વચન હૈ ઔષધી, કટૂક બચન હૈ તીર'' વેદ, ઉપનિષદની વાણી કબીર સહજ રીતે વ્યકત કરે છે. કબીરજી કહે છે : ''જો તો કાંટા ખુવૈ તાહિ બોલ તુ ફૂલ. તો હિ ફૂલ કો ફૂલ હૈ, વાકો હૈ તિરસુલ,'' ફુલ તો સ્વભાવ ખુશ્બુ મહેક ફેલાવવાનાં છે. જયારે કંટકનો સ્વભાવ પીડા આપવાનો છે. મહાભારતમાં એક સુંદર વાક્ય છે.''પરોપકરાય પૂણ્યાય, પાપાય, પચ્પીડનાય, બીજા ઉપર ઉપકાર કરવો એ પૂણ્ય છે ધર્મ છે. બીજાને દુ:ખ આપવું એ જ પાપ છે.

આપણું જીવન ખૂબ ટૂંકુ છે. કેટલા વરસ ? આટલા વર્ષોમાં શક્ય તેટલો પ્રેમનો પ્રસાદ વહેંચો, એ સુગંધ અમર રહેશે આયુષ્યનો આ દેશ અમર નથી. આપણે કરેલા સુકૃત્યો અમર રહેવાના છે. તો પછી, મિત્ર, સંબંધી, સ્વજનોને વહાલયના વેણ બોલી પોતાનાં કરી લો જીવન જીવવાનું બળ મળે એવો સુંદર વ્યવહાર કરો દુશ્મન અને મિત્ર, આપણા હદયમાં રહેલા છે. અહંકારનો ત્યાગ કરી સૌને હેતથી ભેટી લો. આજની ઘડી છે રળિયામણી એવા માણસોને ધન્યવાદના શબ્દો કહેજો કે જેઓ બીજાને મદદ કરવા દોડી ગયા છે મદદ કર્યાનું લેશમાત્ર અભિમાન નથી ભગવાન શ્રી કૃષણે જિંદગીભર અન્યના દુ:ખમાં મદદ કરવા દોડી ગયા છે. બાકી સામાન્ય માણસો મામું 'મારૂ' અને હું – ભાવનાઓથી સ્વાર્થમાં ઝઘડાને આમંત્રે છે. તમારૂ હોય તો પણ શું ? આ સૂર્ય, કે ચંદ્ર કોઈના છે ખરાં ? આ પવન ? આ ધરતી ?? મહાપુરૂષોએ પોતાની વિદાય વેળાએ શું કહ્યુ હતું તે જાણીએ સંત ફ્રાંસિસ મરણ પથારીએ હતા ત્યારે જે લોકો મળવા આવતા તેમની ક્ષમા યાચના કરતા પોતાનાં પગરખાંને પ્રેમથી ક્ષમા યાચના કહ્યું. તમે આજ સુધી મારી સેવા કરી છે. તે માટે હું તમારો અત્યંત આભાર માનુ છું. સૌ સાથીદારોની વિદાય લીધી. ધરતીમાતાને પ્રણામ કરી બોલ્યા. મા આજ સુધી તારા ઉપર પગ મૂકીને ચાલ્યો છું. મારી યાત્રા પૂરી થાય છે તે પળે, માં ! હું તારો ખૂબ આભાર માનું છું જક, ચેતન, સર્વ જીવોની ભાવભરી વિદાય લીધી. માર્ટીન લ્યુથર કિંગે કહ્યુ હતુ કે '' સ્મશાન યાત્રા સાદી હોવી જોઈએ શોકાંજલીમાં કોઈ લાંબુ ન બોલે નોબેલ પારિતોષિક જે શાંતિનું મળ્યું છે એનો ઉલ્લેખ ન કરે. એનું ખાસ મહત્વ નથી અનેક એવોર્ડ મળ્યા છે તેની વાત ન કરે. કહેવું હોય તો ખાસ એ કહે કે બીજાઓની સેવા કરતા પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી. કોઈ એવું કહે તો મને ગમશે કે માર્ટિન લ્યૂથર કિંગ સહુને ચાહવાનો પ્રયત્ન કર્યો હતો. સત્યની સાથે સત્યના માર્ગે ચાલવાની કોશિશ કરી હતી. માનવજાતને પ્રેમ કરવાની તેની સેવા, કરવાની કોશિશ કરી હતી. ન્યાય શાંતિ અને ધર્મનો આરાધક હતો.

કાકા કાલેલકરે લખ્યું છે : મરણનું સ્મરણ જો ઉત્કટતાથી જાગૃત રહે તો માણસ ઘણી ભૂલો અને ગુનામાંથી બચી જાય છે. જીવનના કૃતાર્થ બનાવવા તેનાં પ્રયત્નોમાં સફળતા મળશે. જીવન માટે મરણ આવશ્યક છે. અનિવાર્ય છે. મરણ વિના જીવન પૂર્તિ થઈ શકતી નથી. પ્રગતિ માટે નવા નવા ઉન્મેષ માટે અવકાશ રહેતો નથી. મરણ છે તો તાજગી છે. ઉત્સાહ માટે અવકાશ છે. ખરેખર મરણમાં દુ:ખ નથી. જેને આપણે મરણનું દુ:ખ માનીએ છીએ તે સાચી રીતે તો કષ્ટ વેઠી જીવવાનું દુ:ખ છે. (પરમ સખા મૃત્યુ)માંથી – (અપૂર્ણ)

# 'સમજણ એ જ નારાયણ'

## ''વ્યર્થતામાં એટલા ખૂંપી ગયા. તથ્યતાની આંગળી ચૂકી ગયા''

– અઝીઝ ટંકારવી




યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

પગપાળા ચાલવાથી માંડીને પ્લેન સુધીની ગામડાંથી, ગાડાંથી માંડીને ગુગલ સુધીની, પગદંડીથી માંડીને ફોર–સીકસ લેન સુધીની ઊંબરાથી લઈને અવકાશ યાત્રા સુધીની ચાંદામામનાં બાલગીતોથી લઈને ચંદ્રયાનનાં લેન્ડીંગ સુધીની માનવજીવનની યાત્રા અનેક આશ્ચર્યો અને આરોહ–અવરોહ સભર રહેલી છે ! અનેક અશકયતાઓને શકયતામાં સાકાર કરતી રહી છે ! જે વાતોની એક સમયે કલ્પના કે વિચાર પણ કરવામાં આવે. તેવી અનેક બાબતો આજે સાર્થક અને સિધ્ધ થઈ ચૂકી છે ! આપણાં પૂર્વજો કે વડીલોએ કયારેય કલ્પના પણ કરી હતી કે મારા વંશજો, દોરડાં વગર કોઈ અવલંબન વગર એકબીજા સાથે વાતો કરી શકશે ? (મોબાઈલ ફોન એ વાત સિધ્ધ કરી બતાવી.) કોઈએ કલ્પના કરેલી કે જે માહિતી વિગતો જેવી હશે તે તમને હાથ ઉપર ઉપલબ્ધ થઈ જશે ? (ગુગલ તેનો જવાબ છે !) માણસ કોઈ પણ પદાર્થને હવામાં ઉછાળે, એટલે એ જમીન ઉપર પડે જ. પણ હજારો કિ.ગ્રા.નું વજન ધરાવતાં પ્લેન, હેલીકોપ્ટરો લાખો માઈલનું અંતર કાપી શકે, માણસોને એક દેશમાંથી ટૂંક સમયમાં બીજા દેશમાં પહોંચાડી શકે. આ સઘળુ શકય જ બન્યુ ને ? વૈજ્ઞાનિક સંસ્થાઓ વર્ષોનાં પ્રયોગો, રીસર્ચો પછી અનેક દિવસ અવકાશયાત્રીઓને અન્ય ગ્રહો ઉપર રોકાણ કરાવી શકે. અનેક નૂતન આવિસ્કારો કરે ! તેની કોઈએ કયાં કલ્પના કરી હતી ? છતાં આજે આ સઘળું અને અનાથી પણ ઘણું–ઘણું વધારે થઈ જ રહ્યું છે. ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આટલાં બધાં પ્રશિક્ષીત થવા છતાં, આટલું આગળ વધવા છતાં, આટલું જાણી લેવા છતાં માણસની અંદર નીરાંત શાતા, ૠજુતા, સ્નેહ, સમતા અને સંવેદનશીલતા કેમ દિવસે દિવસે ઓગળી રહ્યા છે ? માણસાઈનાં ગ્રાફ સમાજમાં કેમ પ્રતિદિન નીચે ઉતરી રહ્યો છે ? આજે જગત ચારે બાજુ કેમ યુધ્ધ, તોફાનો, અરાજકતાઓ અને આફતો વચ્ચે ઘેરાઈ રહ્યું છે ? કેમ કોઈને શાંતિ નથી ? એનો મતલબ એ જ છે કે આપણે વિકાસ કર્યો છે. પણ આપણો સ્વભાવ વૃતિઓ, ૠચિઓ અને વર્તન કોઈ વ્યર્થ બાબતોમાં અટવાયાં છે. જે આપણને તથ્યોથી દૂર ખેંચે છે !

તીખારો :
''ભટકે એ ખટકે જ !''

# સરકારની આવાસ યોજના વડે ગરીબ રિક્ષા ચાલકનું ઘર બનાવવાનું સ્વપ્ન સાકાર




સાવરકુંડલા શહેરના ગુરૂકુળ વિસ્તારમાં રહેતા ભટ્ટ સુધીરભાઈ માટે પોતાનું પક્કું ઘર બનાવવાનું સ્વપ્ન વર્ષોથી અધૂરૂ રહ્યું હતું. દિનપ્રતિદિનના સંઘર્ષમાં રોજ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતાં સુધીરભાઈ કયારેય વિચાર્યુ નહોતું કે કાચા નળિયા વાળા મકાનમાંથી બહાર આવીને પોતાનું પક્કું ઘર બનાવવું શકય બનશે. પરંતુ સરકારની આવાસ યોજનાએ તેમના જીવનમાં આશાનો દીવો પ્રગટાવ્યો. સુધીરભાઈ રોજ મહત્તમ ૩૦૦ રૂપિયા સુધી કમાઈ શકેછે. આવક ઓછી હોવાને કારણે ઘર બનાવવા માટે પૂરતી બચત કરવી મુશ્કેલ હતી. મિત્રો અને ઓળખીતાઓ વારંવાર સમજાવતા કે સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આવાસ યોજના અમલમાં છે, પરંતુ શરૂમાં તેમને વિશ્વાસ નહોતો કે આ યોજના તેમના સુધી પહોંચશે. અંતે મિત્રો અને ગામના આગેવાનોના માર્ગદર્શનથી તેમણે આવાસ યોજનામાં અરજી કરી. અરજી પ્રક્રિયામાં તમામ જરૂરી દસ્તાવેજો, જેમ કે આવકનો પુરાવો, ઓળખનો પુરાવો અને રહેવા માટેના હાલના કાચા મકાનની વિગતો રજૂ કર્યા પછી, સરકાર તરફથી ૩ લાખથી વધુની સહાય રકમ મંજૂર થઈ. આ સહાય મળતા જ સુધીરભાઈ અને તેમના પરિવારના ચહેરા પર ખુશીની કિરણ ફૂટી. આજે તેઓ પોતાના મકાનનું કામ પરૂ થતું જોઈને ગર્વ અને આનંદ અનુભવે છે. સુધીરભાઈ જણાવેછે, હું રોજ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવું છું. મારા જેવા ગરીબ માણસ માટે પક્કું ઘર બનાવવું જીવનભરનું સ્વપ્ન હતું. સરકારની આવાસ યોજના ન હોત તો કદાચ આ સ્વપ્ન કયારેય પૂરૂ ન થઈ શકતું. મારા મિત્રોએ સાચી દિશા બતાવી અને આજે હું મારા પરિવારને સલામત છત આપી શકયો છું. આવાસ યોજનાનો હેતુ શહેર અને ગામડાંઓમાં રહેતા એવા પરિવારોને આવાસ ઉપલબ્ધ કરાવવાનો છે. જેઓ પાસે પોતાનું પક્કું ઘર નથી. રાજય અને કેન્દ્ર સરકાર સંયુક્ત રીતે આ યોજનાને આગળ ધપાવી રહી છે. સાવરકુંડલા જેવા તાલુકા–શહેરોમાં ઘણા ગરીબ પરિવારો આ યોજના વડે પોતાના સ્વપ્નને સાકાર કરી રહ્યા છે. સ્થાનિક સ્તરે પણ અધિકારીઓ દ્વારા આ યોજનાની માહિતી લોકોને આપવામાં આવી રહી છે. જેથી વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકો તેનો લાભ લઈ શકે. ખાસ કરીને રિક્ષાચાલકો, મજૂરો, દૈનિક વેતનધારી મજુરો જેવા વર્ગો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ભટ્ટ સુધીરભાઈનું ઉદાહરણ માત્ર એક નથી, પરંતુ એ સંદેશ આપે છે કે યોગ્ય માર્ગદર્શન અને સરકારની યોજનાઓમાં વિશ્વાસ રાખવાથી ગરીબ પરિવારો પણ જીવનમાં મોટો બદલાવ મેળવી શકે છે. તેમના જેવા સૈંકડો પરિવારો આજે પક્કા ઘરમાં રહેવાના સપનાને સાકાર કરી રહ્યા છે. આ રીતે, સરકારની આવાસ યોજના માત્ર ઈંટ–સિમેન્ટના ઘર પૂરતી સીમિત નથી, પરંતુ તે ગરીબ પરિવારોને સુરક્ષા, સન્માન અને ભવિષ્ય માટે વિશ્વાસ પૂરૂ પાડે છે. ભટ્ટ સુધીરભાઈની કહાની એ સાબિત કરે છે કે સચોટ દિશા, સકારાત્મક વિચાર અને સરકારની સહાયથી સપના ખરેખર સાકાર થઈ શકે છે.

# રાજુલામાં આહીર રેજીમેન્ટની માંગ સાથે રેજાંગલા રજ કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત










ભારત ચીન યુદ્ધમાં દેશ માટે શહીદ થયેલા ૧૨૦ આહીર જવાનોનીવીરતાઅનેબલિદાનનેયાદ કરવા માટે અખીલ ભારતીય યાદવ મહાસભા દ્વારા આયોજીત રેજાંગલા રજ કળશ યાત્રાનુ રાજુલામા ભવ્ય સ્વાગતકરવામાઆવ્યુહતુ.આયાત્રા આહિર સમાજ ગેટથી રાજુલા શહેરમાં પ્રવેશી હતી. જેને આહિર સમાજના લોકોએ પરંપરાગત વસ્ત્રોમા કંકુ ચોખાથી કળશને આવકાર્યો હતો. આહિર સમાજ દ્વારા આ રેઝાંગલા રજ કળશનું ભવ્ય સન્માન કરીને આહિર સમાજ ગેટથી બસ સ્ટેશનથી લઈને આહિર સમાજની વાડી સુધીની વિશાળ શોભાયાત્રામા મોટી સંખ્યામા આહિર સમાજનાલોકોજોડાયાહતા.જયાવિવિધ સમાજના લોકોએ શહીદોની પવિત્ર માટીનેપુષ્પાહારઅર્પણકરીનેવંદનકર્યા હતા. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથીપસારથઈનેઆહિરસમાજવાડી ખાતે પરિવર્તિત થઈ હતી જેમા આહિર રેજીમેન્ટનીમાંગ સાથેરાજુલાતાલુકાના ફરજ બજાવતા જવાનો દિનેશભાઈ હડિયા, મનુભાઈ કાતરીયા અને કનુભાઈ વાણીયા આહિરનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા બિજલ ભગત, વાલદાસબાપુ, લક્ષ્મણદાસબાપુ સહિતના સાધુ સંતો હાજરરહ્યાહતાતેમજ કાર્યક્રમનેસફળ બનાવવા સરોજબેન ડેર, ભાવુબેન આહિર, ઘનશ્યામભાઈ લાખણોત્રા, માધુભાઈ લાડુમોર, લાલજીભાઈ જીંજાળા, બળુભાઈ મકવાણા, લાલભાઈ વાઘ અને સમસ્ત આહિર સમાજના યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી તેમજ રેજાંગલા યુદ્ધમા શહીદ થયેલા ૧૧૪ વીર જવાનોની યાદીમાં વૃક્ષોનું વિતરણકરીનેતેનુંજતનકરવાનોસંકલ્પ લેવાયો હતો. રેજાંગલા રજ કળશ યાત્રામાઅંબરીશભાઈડેર,બાઘાભાઈ લાખણોત્રા, ગાંડાભાઈ લાખણોત્રા, દિલીપભાઈ જીંજાળા, ભોળાભાઈ લાડુમોર, જે.ડી.કાછડ, પ્રવિણભાઈ ડેર, ડો. કાનજીભાઈ બળદાણીયા, ડો. હિતેષભાઈ હડિયા, અતુલભાઈ સોરઠીયા, નકાભાઈ શ્રીજીગ્રુપ, બાબુભાઈ ડેર, ટપુભાઈ રામ, ગાંગાભાઈ હડિયા, હિંમતભાઈ જીંજાળા, નાગજીભાઈ જીંજાળા અને દીપકભાઈ જાલોધરા સહિતના અગ્રણીઓ અને યુવાનો હાજર રહ્યા હતા તેમજ કાર્યક્રમનુ એન્કરીંગ મૌલિકભાઈ વાણીયા અને ચિરાગભાઈ વાવડીયા દ્વારા કરાયું હતુ જે યાદીમા જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં કારમાં ૪ કોથળા ભરીને

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહીબીશન લગત પ્રવૃત્તિ કરતાં ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા તા.૫ના અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા ચોક્કસ બાતમી આધારે સફળ રેઈડ કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ બનાવની વિગત એવી છે કે અમરેલીના ચિતલ રોડ ઉપર ગાયત્રી મંદિર પાસે રહેતા આરોપી યુવરાજભાઈ ભુપતભાઈ વનરાએ પોતાના હવાલાની ફોર વ્હીલરમાં પ્રથમ કોથળામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ. ની રીંગપેક બોટલ નંગ–૨૩૩ કિંમત રૂપિયા ૨૬૭૯૫ તથા બીજા કોથળામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ. બોટલ નંગ–૧૩૫ કિંમત રૂપિયા ૧૬૨૦૦ તથા ત્રીજા કોથળામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.ઓ. રીંગપેક બોટલ નંગ– ૪૫ કિંમત રૂપિયા ૫૪૦૦ તથા ચોથા કોથળામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ. રીંગપેક બોટલ નંગ– ૩૬ બોટલ કિંમત રૂપિયા ૨૮૮૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ. રીંગપેક બોટલ નંગ– ૭ બોટલો કિમત રૂપિયા ૪૩૭૫ તેમજ ફોરવ્હીલ કાર સફેદ કલરની કાળા કાચ વાળી ગાડી જેના નં. જી.જે.–૦૨ સીએલ–૩૯૭૬ કિંમત રૂા. ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૫૫,૬૫૦નો મુદ્દામાલ ઝડપી લીધો હતો. જયારે આરોપી હાજર ના હોય પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૬૦૫ | ૧૦૨૨ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૨૫૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૪૪૦૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૭૦૦ | ૨૩૨૬ |
| ૬ | બાજરો | ૩૩૩ | ૫૨૭ |
| ૭ | જુવાર | ૩૮૫ | ૭૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૫ | ૫૭૧ |
| ૧૦ | મગ | ૧૫૪૦ | ૧૮૪૦ |
| ૧૧ | અડદ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૬ |
| ૧૩ | સફેદ ચણા | ૯૦૦ | ૧૧૮૨ |
| ૧૪ | તુવેર | ૭૯૫ | ૧૨૨૫ |
| ૧૫ | કપાસ | ૮૭૦ | ૧૬૦૧ |
| ૧૬ | એરંડા | ૧૧૫૦ | ૧૨૬૮ |
| ૧૭ | જીરૂ | ૩૧૦૦ | ૩૫૧૫ |
| ૧૮ | ધાણા | ૧૦૯૭ | ૧૪૩૫ |
| ૧૯ | મેથી | ૭૦૦ | ૮૯૦ |
| ૨૦ | સોયાબીન | ૮૨૫ | ૮૪૪ |
| ૨૧ | રજકાનુ બી | ૬૩૦૦ | ૭૩૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું વાજતે–ગાજતે ગણેશજીને વિદાય

અમરેલી શહેરમાં લોકોએ દુંદાળા દેવ ગણપતિજીને અમરેલી શહેરના રાજમાર્ગો ઉપર અબીલ ગુલાલની છોળો વચ્ચે ડી. જે.ના તાલે રાસ ગરબાની રમઝટ વચ્ચે ધીમી ધારે વરસતા વરસાદમાં ભાવભીની વિદાય આપી હતી. ત્યારે અમરેલીના કામનાથ મહાદેવ નજીક ઉભા કરાયેલ કૃત્રિમ કુંડમાં ૧૧૧ જેટલી ગણપતિજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

અમરેલીમાં ગણપતિજી વિસર્જન સ્થળ ઉપર સ્થાનિક પ્રસાશન, ફાયર ફાયટર, પાલિકા તંત્ર, પોલીસ તંત્ર તથા તરવૈયાની ટીમ દ્વારા તૈનાત રાખવામાં આવેલ હતી. જોકે ગણપતિજી વિસર્જન શાંતિપૂર્ણ રીતે સમાપન થતાં સૌ કોઈએ રાહતનો દમ લીધો હતો.

**બગસરા**

બગસરામાં ૧૨ જેટલા ગણપતિને પરમિશન મળેલી તેના સિવાય બીજા અન્ય નાના જે ઘરોમાં રાખેલા હોય તેવા ૪૦ કરતાં વધારે ગણપતિદાદાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જયારે આ બાબતે પાલિકા ધ્વારા અને કોઈ અઘટિત બનાવ ન બને તેના માટે તરવૈયા રાખી વિસર્જન કરવામાં આવ્યું હતું. જયારે આ તકે પોલીસ ધ્વારા પણ ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો અને ઓકિસજન ગ્રુપ ધ્વારા શરબતનું આયોજન કરાયું. વિસર્જન વેળાએ ભકતોના હૃદય ભરાય આવ્યા અને અગલે બરશ તુ જલ્દી આના નાદ સાથે વિસર્જન કરાયું હતું.

**વીજપડી**

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આજરોજ ગણપતિ વિસર્જન શોભાયાત્રા નીકળી હતી.

વીજપડી મારૂતિ ગ્રુપ અને મઢુલી ગ્રુપ દ્વારા ગણેશજીની દસ દિવસ પુજા, અર્ચના, સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવે છે.

દુનિયાભરમાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી ચાલી રહી છે દરેક શહેર અને ગામમાં ભવ્ય શણગાર, મંડળોની ઝળહળાટ અને લોકોની ભીડ જોવાં મળે છે. ત્યારે સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે વર્ષોથી અલગ અલગ મંડળો દ્વારા ઉજવણી થઈ રહી છે. આજે વીજપડી સૌ જ્ઞાતિજનોએ વાજતે ગાજતે ગણપતિ બાપા જલ્દી આવતા વર્ષે પધારે તેવી પ્રાર્થના કરી હતી. શોભાયાત્રા સાથે ગણેશ વિસર્જન ધારેર ડેમ ખાતે કરવામાં આવ્યું હતું. તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ હતું.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૬૦ | ૧૧૧૧ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૭૯ |
| ૩ | તલ કાળા | ૩૧૫૦ | ૪૩૭૫ |
| ૪ | જીરૂ | ૩૦૦૦ | ૩૫૨૫ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૬૦૯ |
| ૬ | કપાસ નવો | ૯૦૦ | ૧૩૮૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૫ |
| ૯ | બાજરો | ૩૧૫ | ૪૭૫ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૫૭૬ |
| ૧૧ | મગ | ૧૧૭૬ | ૧૩૦૦ |
| ૧૨ | અડદ | ૭૦૦ | – |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| ૧૪ | દેશી ચણા | – | ૧૧૭૬ |
| ૧૫ | તુવેર | ૯૫૦ | ૧૦૦૦ |

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી જિલ્લા માહિતી કચેરીના મદદનીશ જયભાઈ મિશ્રાના પિતાજી જયેન્દ્રભાઈ બાલાપ્રશાંત મિશ્રાનું તા. ૬/૯ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતની અંતિમયાત્રા તા. ૭/૯ના રોજ તેમના નિવાસસ્થાન કોડીનાર મુકામેથી સવારે ૮ કલાકે નીકળશે.



## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ હીતેષભાઈ એમ. મીઠાપરા,** રે.બાબરા, જે અમારી પાસેથી અમારા અસીલ **ભૂપતભાઈ નાનજીભાઈ રોજાસરા,** વિ.ર, રે. બાબરા, મુ. બાબરાવાળાએ તેની મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરામાં આવેલ રહેણાંક મકાન સર્વે નં. ૭૦૧/૭૦૨/૭૦૪/૧, બીનખેતી, પ્લોટ નં. ૩૧ પૈકી, ક્ષેત્રફળ ચો.મી. ૧૬૭.૨૨, ચો.વાર ૨૦૦ વાળી મિલ્કત રહેણાંક મકાન **કાનજીભાઈ કરમશીભાઈ વાવડીયા, રે બાબરા. પાસેથી દસ્તાવેજ નં. ૩૪૨/૨૦૦૪** ખરીદ કરેલ છે. તે મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તે મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનુ હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીત આધાર પુરવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી. થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રિપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૦૬/૦૯/૨૦૨૫
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે, ઠે.મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ.અમરેલી.મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ એન્ડ નોટરી)

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી નવી | ૬૮૦ | ૭૮૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૪૦ | ૧૯૨૦ |
| ૩ | જીરૂ | ૨૮૬૫ | ૩૫૭૫ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૫ | ચણા | ૯૮૦ | ૧૧૧૦ |
| ૬ | મગ | ૧૨૭૦ | ૧૪૨૦ |

## જાહેર નોટિસ

મોજે :– તાલાળી ગામ, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| તાલાળી, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૩૫૬ | ૨૩૦ | ૦–૪૨–૧૦ | ૨.૧૦ | ચૌહાણ બીજલભાઈ વાઘાભાઈ |

ઉપરોકત કોલમ વાળી આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૦૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તે અમારા અસીલની સુચનાથી**

**તારીખ : ૦૬/૦૯/૨૦૨૫**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૦ | ૧૩૭૫ |
| ૨ | ચણા | ૯૭૫ | ૧૦૬૧ |
| ૩ | તલ સફેદ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૪ | તલ કાળા | ૨૧૦૦ | ૩૦૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૧૦૧ | ૧૭૦૧ |
| ૨ | કપાસ | ૧૫૦૧ | ૧૫૫૧ |
| ૩ | બાજરો | ૩૫૦ | ૫૯૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૨૧ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૭૮૯ |
| ૬ | મગ | ૧૧૨૫ | ૨૧૦૦ |
| ૭ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | ચણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૯ | સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |
| ૧૦ | અજમા | ૧૦૨૫ | ૧૦૨૫ |

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીઓની રાજય કક્ષાએ બેન્ડ સ્પર્ધામાં પસંદગી



અમરેલી ખાતે તારીખ ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ, જિલ્લા કક્ષા કલા મહાકુંભ બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં અમરેલી જિલ્લાના વિવિધ શાળાઓમાંથી બહોળા પ્રમાણમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં સ્પર્ધકોએ ભાગ લઈ પોત–પોતાની શાળાનું પ્રતિનિધિત્વ કરેલ. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા શાળાની બેન્ડ ટીમ દ્વારા ખુબજ સારૂ પર્ફોમન્સ કરી જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજય કક્ષાએ પસંદગી થયેલ. અમરેલી જિલ્લા કક્ષા કલા મહાકુંભ બેન્ડ ટીમ સ્પર્ધામાં પરમાર રોનક–કેપ્ટન, મકવાણા અર્જુન, સરેખાડા રોહન, દાણીધારીયા જય, મોણિયા યસ, રાઠોડ સુમિત, પરમાર શિવમ, બકુલીપરા લવ, પરમાર કાર્તિક, ગેલાણી દર્શન, ગોજારીયા માહિર, સવાલિયા રૂદ્ર, સાપરા પાર્થ, રાઠોડ ક્રિપાલ, નિમ્બાર્ક વિરાજ, રમણી આરૂષ, જોટાનિયા દર્શ, મેરિયા આદિત્ય વીનર થયેલ. શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે દરેક વિદ્યાર્થીને સ્પોર્ટ્સમાં મહત્વનુ પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવે છે. વિજેતા ટીમના તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતા. તેવું વિદ્યાસભાની યાદી જણાવે છે.

### અખિલ ભારતીય સાધુ સમાજનાં પ્રમુખ પૂ. મુક્તાનંદજી બાપુનાં

# ગુપ્તપ્રયાગ તીર્થધામ ખાતે ઝિમ્બાબ્વેનાં ડેપ્યુટી મિનિસ્ટર રાજમોદીએ શુભેચ્છા મુલાકાત લીધી

**ગુજરાત અને ઝિમ્બાબ્વે વચ્ચે સનાતનનો પ્રચાર કરવા ચર્ચા કરાઈ**



અમરેલી, તા. ૬

અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ પૂ. મુકતાનંદજી બાપુના ગુપ્તપ્રયાગ તીર્થધામ ખાતે ઝિમ્બાબ્વેના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ મિસ્ટર રાજ મોદીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

સનાતન સંસ્કૃતિ પ્રેરણા આપે છે કે જીવન સરળ બનાવો, સત્યનાપંથ પર ચાલો, સાદગીભર્યું જીવન જીવો, ઉચ્ચ વિચારો અપનાવો, આવા જ બધા ગુણો ધરાવતા ઝિમ્બાબ્વેના ડેપ્યુટી મિનિસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ મિસ્ટર રાજ મોદીએ પૂ. અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ પૂ. મુકતાનંદજીબાપુને મળીને આશીર્વાદ મેળવ્યાં હતા. તેમજ સાથે ગુજરાત અને ઝિમ્બાબ્વે વચ્ચે સનાતનનો પ્રચાર પ્રસાર કેમ વધુ સારી રીતે થઈ શકે અને નારી સશકિતકરણના પ્રોજેકટ્સ પણ કેમ વિશેષ થઈ શકે તે વિશે ચર્ચા કરી હતી અને ઝિમ્બાબ્વે આવાનું આમંત્રણ પણ પાઠવ્યું.

સનાતન ધર્મમાં સદભાવ સાથે વ્યવહાર કરવાની વાત છે. દરેક દેવી દેવતાને પોતાનું વાહન હોય છે એ એવું સૂચિત કરે છે. પૃથ્વી પર વસતા તમામ પ્રાણીઓને જીવવાનો હક્ક છે. હિન્દુ ધર્મના અનેક દેવી દેવતાઓ બધામાં એક જ બ્રહ્મનું દર્શન કરે છે. બધામાં એક ઈર તત્વ છે. આપણા શરીરમાં એક આત્મા છે. અનેકમાં એકનું દર્શન થાય છે.

સનાતન સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર થશે તો પ્રાણીમાત્ર પ્રત્યે સદભાવ ઉભો થશે. સનાતન સંસ્કૃતિમાં વનસ્પતિને પણ ખૂબ પ્રાધાન્ય આપ્યું છે. તેથી પર્યાવરણનું જતન પણ થશે, માનવતાની મહેક ખીલશે, ચારે બાજુ આત્મીયતા વર્તાશે અને સમાજ સમૃદ્ધ અને સુખી થશે. કોઈ પણ કંટ્રી માટે લાભદાયક થશે.

સનાતન સંસ્કૃતિના પ્રચાર પ્રસારથી લોકો સંબંધોનું મૂલ્ય સમજશે અને તેમનું દાયિત્વ નિભાવતા શીખશે અને ડિપ્રેશન જેવી બીમારીઓથી દૂર રહેશે.

### પીએમશ્રી તાલુકા શાળામાં

# બાબરા ખાતે શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

**વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકની ભૂમિકા ભજવી**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૬

બાબરામાં પીએમશ્રી તાલુકા શાળામાં શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ વિષય વર્ગ ખંડમાં એક દિવસની શિક્ષકની ભૂમિકા ભજવી શૈક્ષણિક કાર્ય કર્યુ હતું.

તેમજ આ તકે Human rights protection cell દ્વારા વિદ્યાર્થીઓને અલગ અલગ જાણકારી આપવામાં આવી હતી.

ક્રાઈમ કન્ટ્રોલ સેલના રાજય અધ્યક્ષ શ્રીમતિ ભાવનાબેન ભટ્ટના અધ્યક્ષસ્થાને આયોજિત અહીં કાર્યક્રમમાં શાળાનાં આચાર્ય દક્ષાબેન સરવાલીયા, તેમજ શાળા સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક વિપુલભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

### અમરેલી નજીક આવેલ

# મોટા આંકડીયામાં આજે ખેતી માર્ગદર્શન શિબિર યોજાશે

**ખેડૂતોને આવકનાં નવા સ્ત્રોત વિકસે તે માટે શિબિર મહત્વપૂર્ણ**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાના મોટા આકડીયા ગામમાં આવનાર ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ખેડૂતો માટે વિશેષ કૃષિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પ્રથમવાર પ્રાકૃતિક અંજીરની સફળ ખેતી અંગે માર્ગદર્શન આપવા આ શિબિર યોજાઈ રહી છે. ખેડૂતોને વૈકલ્પિક પાક પ્રણાલી સાથે નવી તકનીક અને કુદરતી પદ્ધતિઓથી ખેતી કરવાની પ્રેરણા મળે તે આ શિબિરનો મુખ્ય હેતુ છે.

આ શિબિરમાં માર્ગદર્શક તરીકે કૃષિક્ષેત્રે અનુભવ ધરાવતા નિષ્ણાતો પ્રફુલભાઈ સેંજલીયા, પરેશભાઈ ગોસ્વામી, એ.જે. મૂળિયા તેમજ વસંતભાઈ ભંડેરી ઉપસ્થિત રહેશે. તેઓ પ્રાકૃતિક ખેતીના લાભો, અંજીર પાકની ખાસિયતો, જમીનની પસંદગી, સિંચાઈ પદ્ધતિ, જીવાત નિયંત્રણ અને માર્કેટિંગ સુધીના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર સમજ આપશે.

ખેડૂતોને આવકના નવા સ્ત્રોતો વિકસે તે માટે આવી શિબિર મહત્વપૂર્ણ સાબિત થશે. હાલના સમયમાં પરંપરાગત પાકોમાં વધતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખતા, અંજીર જેવા ફળ પાકની ખેતી ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવી શકે છે. શિબિર દરમિયાન ખેડૂતોને પ્રાયોગિક ઉદાહરણો અને સફળ કિસ્સાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવશે.

મોટા આકડીયા ગામમાં યોજાનારી આ શિબિરથી ખેડૂતોમાં નવી જાગૃતિ આવશે અને પ્રાકૃતિક ખેતીની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરાશે.

# અમરેલીનાં તપસ્વીઓને ગોલ પરિવાર દ્વારા ભોજન પ્રસાદ



અમરેલી, તા. ૬

સ્વ. બાબુભાઈ નાગજીભાઈ પટેલ (ગોલ) ની પુણ્યતિથિ નિમિતે સેજલબેન મુકેશભાઈ સંઘાણી (અમરેલી) તરફથી સારહિતપોવન આશ્રમના તપસ્વીઓને બપોરે તથા રાત્રે મિષ્ટાન- ફરસાણ સહિત ભોજન પ્રસાદ કરાવવામાં આવેલ. આ પ્રસંગે સમીરભાઈ બાબુભાઈ પટેલ સહ પરિવાર, તથા સારહી યુથ કલબ ઓફ અમરેલીના ખજાનચી સુરેશભાઈ શેખવા સહિતના પદાધિકારિ ઓ ઉપસ્થિત રહેલ. સારહિ પરિવાર વતી પટેલ (ગોલ) પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# દામનગર ને જન રક્ષક ઈમર્જન્સી સુવિધા ફાળવવામાં આવી




દામનગર, તા. ૬

ગુજરાત સરકારના ગૃહ વિભાગદ્વારા બે દિવસ પહેલાં જનતા માટે 'જન રક્ષક' સલામતીનો અધિકાર - તમારી સુરક્ષા અમારો અધિકારના શિર્ષક અંતર્ગત ઈમર્જન્સી સેવાઓ માટે પોલીસ, ફાયરબ્રિગેડ, મહિલા સહાયતા, બાળ સુરક્ષા, એમ્બ્યુલન્સ સહિતની અગત્યની સેવાઓ માટે એકજ નંબર કોલ - ૧૧૨ પર ફોન કરવાથી ઉપરોક્ત સેવાઓ જડપી બની રહેશે, નું લોકાર્પણનો કાર્યક્રમ કેંદ્રીય ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવતા. રાજયનાં જિલ્લામાં 'જન રક્ષક' ફાળવાયેલી છે. જે અંતર્ગત અમરેલી જિલ્લામાં દામનગર - વિસ્તારના લોકો માટે પણ આ સુવિધા ઉપલબ્ધ થતાં અગત્યની સેવાઓ જડપથી મળતી રહેશે. અગાઉ અલગ - અલગ નંબરોને કારણે લોકોને તકલીફ પડતી હતી. તેનું નિરાકરણ થતાં, રાજય સરકાર દ્વારા સરાહનીય નિર્ણય અમલમાં આવતાં જનતાને રાહત સાથે સરળતા અને અગત્યના ઈમરજન્સી કામો માટે આશીર્વાદ સમાન બની રહેશે.

# બાબરામાં આર્યવીર હોસ્ટેલમાં ઈકોફ્રેન્ડલી ગણેશ ઉત્સવની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૬

અહીં આર્યવીર હોસ્ટેલના બાળકોએ પોતાની જાતે જ માટીમાંથી ગણેશજીની મૂર્તિ બનાવેલ અને તેની સ્થાપના કરેલ દસ દિવસ સુધી વિઘ્નહર્તા ગણપતિ દાદાનું પૂજન અર્ચન આરતી કરવામાં આવતી હતી અને આજે અંતિમ દિવસે દાદાનું ભાવપૂર્ણ વિસર્જન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ કરેલ અને તે વૃક્ષો ફળ વાળા વાવવામાં આવેલ. જેથી પરોપકાર હિત માટે જે ફળ પક્ષીઓ અને અન્ય જીવજંતુઓ માટે રોપવામાં આવ્યા આવી રીતે પરોપકાર હિતને ધ્યાનમાં રાખી સંપૂર્ણ માટીમાંથી બનાવેલ ગણપતિજીની મૂર્તિને પાણીમાં વિસર્જિત કરવામાં આવ્યું.

# બાબાપુર : રામમઢીએ જલજીલણીની વિધિ કરાઈ

તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર



બાબાપુર, તા. ૬

બાબાપુર ખાતે અમરેલી બગસરા હાઈવે રોડ રામ મઢીએ જલજીલણનુ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બહોળી સંખ્યામાં ઉમટી પડયા હતા. ભકતો જનો જોડાયા હતા.

# બગસરામાં ઈદે મિલાદ નિમિતે ભવ્ય ઝુલુસ નીકળ્યા

તસ્વીર : સમીર વિરાણી-બગસરા



બગસરાપ, તા. ૬

બગસરામાં ઈદે મિલાદની મુસ્લિમ બિરાદરો દ્વારા આસ્થાભેર ઉજવણી કરાઈ. જેમાં બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ધર્મગુરૂ જોડાયા હતા. જેમાં બગસરા જુમ્મા મસ્જિદથી આ જુલુસ નીકળ્યું હતું. કુકાવાવ નાકા, વિજય ચોક, ગોંડલીયા ચોક, શિવાજી ચોક ,આરબવાડ નદીપરા સહિતના મુખ્ય માર્ગો પર જુલુસ નીકળ્યા હતા. જેમાં પોતાના ધંધા રોજગાર બંધ રાખીને મુસ્લિમ ભાઈ ,બહેનો, બાળકો, વૃધ્ધો આ જુલુસમાં જોડાયા હતા. જેમાં ઠેર ઠેર શરબત, ચા નાસ્તો, આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આ ઈદે મિલાદની ભવ્યથી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બગસરા પોલીસ સ્ટેશન પી.આઈ. તથા પી.એસ.આઈ પોલીસ સ્ટાફ સહિતનો કાફલો આ જુલુસમા બંદોબસ્ત જાળવ્યો હતો.

### નુરાની માનવ સેવા ગ્રુપ દ્વારા

# અમરેલીમાં ઈદ મિલ્લાદુનનબી નિમિતે સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રુટ વિતરણ

**દર્દીઓની નાત જાતનાં ભેદભાવ વગર સેવા કરાઈ**



અમરેલી, તા. ૬

અમરેલીમાં ઈદે મિલ્લાદુન્નનબી પ્રસંગે નુરાની માનવ સેવા ગ્રૂપ દ્વારા સીવિલ હોસ્પિટલ ખાતે દાખલ દર્દીઓને ફ્રુટ પેકેજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અમરેલીમાં ખાતે હઝરત મોહમ્મદ સાહેબના ૧૫૦૦માં જન્મદિવસ (ઈદે મિલાદુન નબી) ની ઉજવણી પ્રસંગે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ દર્દીઓને નૂરાની માનવ સેવા સંસ્થા દ્વારા ફ્રુટ પેકેજનું વિતરણ કરવામા આવ્યું હતું. ફ્રુટ પેકેજમાં સફરજન, મોસંબી, દાડમ, કેળાં સહિતના ફ્રુટ પેકેજ બનાવી દર્દીઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

નૂરાની માનવ સેવા ગ્રૂપના કાર્યકર્તા એવા અયુબભાઈ રઈશ, સાજીદભાઈ ઓઢા, પરવેજભાઈ કુરેશી, મર્હુમ અશરફભાઈ ખનખન, તનજીલ ચૌહાણ, સાહિલભાઈ બ્લોચ, સાજીદભાઈ રાજાણી, સમીરભાઈ કુરેશી (સદસ્ય), મુન્નાભાઈ મોગલ, અબુભાઈ શામવાલા, મુન્નાખાન રઈશ, રસુલભાઈ (એમ્બ્યુલન્સ) તેમજ હોસ્પિટલ ખાતે કાયમ નિસ્વાર્થ કોઈપણ નાતજાતના ભેદભાવ વગર દર્દીઓ માટે સેવા આપતા મુન્નાખાન પઠાણ (ફિરોઝખાન) એમ્બ્યુલન્સ વાળા એ પણ આ નેક કામમાં સાથે સહભાગી થઈ ફ્રુટ વિતરણમાં મદદ કરી ફ્રુટ વિતરણ કર્યુ હતું.

# હાથસણી ગામે જલઝીલણી એકાદશી પર્વની ઉજવણી



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાના હાથસણી ગામે જલઝીલાણી એકાદશી પર્વની ગ્રામ્યજનો ધ્વારા ભવ્ય ઉજવણી કરવમાં આવેલી. ભગવાન બાલકૃષ્ણ ને ઝુલામાં બિરાજીત કરી ગ્રામ્યજનો ધ્વારા બાજુમાં પસાર થતી દેદુમલ નદીના પવિત્ર જળમાં સ્નાનાવિધિ કરાવવા વાજતે ગાજતે શોભાયાત્રાનું આયોજિત કરવામાં આવેલ. જેમાં સ્વયભું મોટી સખ્યામાં ધર્મપ્રેમી લોકો જોડાઈ ધાર્મિક પર્વની ઉજવણી કરવામાં આવેલ. ઉલ્લેખનીય છે કે હાથસણી ગામે જલઝીલણી એકાદશીના પાવન પર્વે પરંપરા ગત રીતે રામજીમંદિર, સ્વામિનારાયણ મંદિર અને આપાગીગાની જગ્યા સ્થિત આવેલ. ભગવાન બાલ ઠાકર ને લઈને ધૂન કીર્તન સાથે વાજતે ગાજતે પવિત્ર સ્નાનવિધિ માટે બાજુમાં પસાર થતી દેદુમલ નદીએ જાય છે અને મોટી સખ્યામાં સ્વયભું ધર્મપ્રેમી લોકો જોડાઈ પર્વની આસ્થાભેર ઉજવણી કરે છે. ત્યારે પરંપરા ને જાળવી રાખી હાથસણી ગામે આજ રોજ જલઝીલાણી પર્વજની ભારે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવેલ. તેમ દિલુભાઈ.એમ.ખુમાણની યાદી ધ્વારા જણાવવામાં આવેલ છે.

### વોટ ચોરીની જેમ ગુજરાતમાં ખેડૂતોની જમીન ચોરી કરવાનો કારસો

# કોંગ્રેસ દ્વારા ૧૧ સપ્ટેમ્બરથી ખેડૂતોના પડતર પ્રશ્નોના મુદ્દે સૌરાષ્ટ્રમાં ''ખેડૂત અધિકાર યાત્રા''નું આયોજન

**ભાજપ સરકાર વાત ખેડૂતોના હિતની કરે છે અને નિર્ણયો ખેડૂતોના અહિતના લે**

અમદાવાદ, તા. ૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ દ્વારા આવનારા દિવસોમાં ખેડૂતોના હક્ક તથા અધિકાર માટે ''ખેડૂત અધિકાર યાત્રા'' સંદર્ભે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક લાલજીભાઈ દેસાઈ તેમજ ગુજરાત કિશાન કોંગ્રેસના પ્રવકતા યુવરાજસિંહ રાણા સંયુકત પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળ ના મુખ્ય સંગઠક લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાની સુચનાથી આગામી તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી સૌરાષ્ટ્રમાં ખેડૂતોના પડતર પ્રશ્નોના મુદ્દે ''ખેડૂત અધિકાર યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસના ૫૦ થી વધુ આગેવાનો સમગ્ર સૌરાષ્ટ્રમાં જીલ્લા પંચાયતની બેઠકો દીઠ સતત ૭ દિવસ ખેડૂત સંમેલન કરશે. તેમાં ખેડૂતોના મુદ્દાઓ તેમની સમસ્યાઓ અને તેમના સળગતા સવાલોને સમજીને સમગ્ર રાજય વ્યાપી આંદોલનમાં શું કરી શકાય અને ખેડૂતો તથા પશુપાલકોના અધિકારો બચાવવા માટે આ પ્રથમ રૂપરેખા રહેશે. ત્યાર બાદ ખેડૂતોનું પ્રથમ મહા સંમેલન નવરાત્રી પહેલા સૌરાષ્ટ્રમાં થશે. ત્યાર બાદ ઉત્તર ગુજરાત, દક્ષીણ ગુજરાત અને સમગ્ર ગુજરાતના ખેડૂતો, પશુપાલકો, દૂધ ઉત્પાદકો અને આદિવાસી વિસ્તારમાં જેમના જમીનના હક્કો છીનવાયા છે તેઓ સહુને સાથે રાખીને આવનાર દિવસોમાં ઘોર નિંદ્રામાં સુતેલી સરકારને જગાડવામાં આવશે.

વિશેષમાં જણાવેલ જેવી રીતે વોટ ચોરી થાય છે તેવી જ રીતે ગુજરાતમાં ખેડૂતોની જમીન ચોરી કરવાનું કારસો રમણલાલ વોરા જેવા અનેક ભાજપના આગેવાનો દ્વારા થઈ રહ્યા છે તેને પણ ઉજાગર કરવામાં આવશે. દેશમાં અને ગજરાતમાં પણ રસાયણિક ખતરો જેવા કે, યુરીયા, ડીએપી, એનપીએ કુત્રિમ અછત સર્જાય છે. ખેડૂતોને જયારે જરૂરિયાત હોય ત્યારે મળતા નથી. તેમજ સાથે બિન જરૂરી નેનો યુરીયા મોંઘા ભાવે ભટકાડી દેવામાં આવે છે.

ગુજરાત કિશાન કોંગ્રેસના પ્રવકતા યુવરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર વાત ખેડૂતોના હિતની કરે છે અને તમામ નિર્ણયો ખેડૂતોના અહિતના નુકશાનકારી લે છે. ભારતની સંસદમાં નાણામંત્રી નિર્મલા સીતારમનજીએ ચાલુ વર્ષના બજેટ દરમ્યાન ખેડૂતોને આપવામાં આવતી કિશાન ક્રેડીટ કાર્ડ લોનની મર્યાદા ૩ લાખથી વધારીને ૫ લાખ પ્રતિ ખેડૂત કરવાની જાહેરાત કરી હતી. પરંતુ હકીકતે ૬ માસના અંતે આજ દિન સુધી પણ ખેડૂતોને ૫ લાખનું ધિરાણ મળ્યું નથી. જાહેરાત માત્ર ખેડૂતોને છેતરવા પુરતી સીમિત હતી.

ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬ની એમએસપી સરકારે જાહેરાત કરી ત્યારે સરકારે ખૂબ મોટો ઢંઢેરો પીટેલો કે ભાજપની સરકારે ખેડૂતોના હિતમાટે એમ.એસ.પી.માં ૨૦૧૪ થી અત્યાર સુધીમાં બમણો વધારો છે તેની વાહ વાહી કરી હતી. પરંતુ ટકાવારીના આકડા જોતા વાસ્તવિકતા કંઈક જુદી દેખાઈ રહી છે. ૭૦ના દાયકાથી ભારત ભરના ખેડૂતોને વીમા યોજનાનો લાભ મળતો હતો આ ભાજપા સરકારે ૨૦૧૬માં નવી કૃષિ વીમા યોજના લાગુ કરી અને મસમોટી જાહેરાતો કરી કે હવે ખેડૂતોને કોઈ ચિંતા કરવાની રહેતી નથી. પરંતુ વાસ્તવિકતાએ આ યોજના અંતર્ગત ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીના વર્ષોમાં ખેડૂતોને મળવાપાત્ર લાભ મળ્યો નથી. ઉલટાનું ગુજરાતના ખેડૂતોએ પ્રીમીયમ ભર્યા હોવા છતાં ક્લેમ લેવા માટે હાઈકોર્ટના સરણે જવું પડયું અને હજુ પણ ઘણા બધા કેસો કોર્ટમાં મુલતવી છે. અને ૨૦૨૦થી આ યોજનાને ગુજરાતમાં બંધ કરી દેવામાં આવી આજ દિન સુધી ખેડૂતોની ચિંતા કરી કોઈ પણ પાક યોજના અમલમાં મૂકી નથી. ખેડૂતોને રામ ભરોસે મૂકી દીધા છે. રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત ઉપરોકત પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કો-કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ તથા પ્રવકતા પાર્થિવરાજ કઠવડિયા ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી મોગલ માનવ સેવા ટ્રસ્ટ અને શિવસાહી ગ્રપ દ્વારા

# ચલાલામાં પત્રકારોનો સત્કાર સમારંભ આજે યોજાશે

**તમામ પત્રકારોનું ભોજન સાથે સન્માન થાશે**

ચલાલા, તા, ૬

ચલાલા પંથકમાં સામાજિક પ્રકારની સેવા જેવી કે અનાથ દીકરીઓને સમૂહ લગ્ન, ભૂખ્યાને ભોજન, વિદ્યાર્થીઓને વિનામૂલ્ય ચોપડા વિતરણ, પક્ષીઓને ચણ, સહિતની અનેક સેવાકીય પ્રવૃત્તિ કરતી સેવાભાવી સંસ્થા શ્રી મોગલ માનવ સેવા ટ્રસ્ટ ચલાલા- સુરત તેમજ શિવ સાઈ ગ્રુપ ચલાલા દ્વારા આજે ચલાલાના વરિષ્ઠ પત્રકારોનો સત્કાર સમારોહનું ભોજન સાથેનો એક સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આજ દિન સુધીમાં ચલાલામાં કોઈપણ સંસ્થા દ્વારા આવી રીતના ચલાલાના એકી સાથે તમામ વરિષ્ઠ પત્રકારોનું સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો નથી. ત્યારે આજે આ સંસ્થા દ્વારા ટાઢ, તડકો, વરસાદ, જસ, અપજસ કે પરીવારની ચિંતા કર્યા વગર સમાજની સારી, નરસી ઘટનાને લોકો સમક્ષ માહિતગાર કરી રહ્યા છે. એવા વરીષ્ઠ પત્રકારોની નિસ્વાર્થ વર્ષોની સેવાને બીરદાવા માટે આજે ધારી રોડ ઉપર આવેલ શિવ સાઈ મંદિરમાં ચલાલાના વરિષ્ઠ પત્રકારોનું અદકેરૂ સન્માન થવાનું છે. સંસ્થાના મુખ્ય સેવાભાવી સંચાલકો રાજેશભાઈ જાની, લલીતભાઈ મહેતા, પિયુષભાઈ વિભાણી, મિતેશભાઈ ભટ્ટ, સહિતના આગેવાનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યું છે?
તો આજે જ ઘનશ્યામ આર્ટ ની મુલાકાત લ્યો.
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારના ■ કેલેન્ડર
■ 300 ઉપરાંત ડીઝાઇનની કિ-ચેઈન
■ 3.5 થી 50 રૂપીયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ
અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ
■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
Mo. 94287 95274
Mo. 93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો પાછળ, અમરેલી.

હવે... બદલાશે સારવારની પરીભાષા
(ગોળ હોસ્પિટલ)
24/7 Emergency Services
કાર્યરત વિભાગો
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
આયુર્વેદ વિભાગ
બાળરોગ વિભાગ (પિડીયાટ્રીક્સ)
ક્રિટીકલ કેર (ફિઝિશિયન) મેડીસીન વિભાગ
ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
આંખ વિભાગ
લેબોરેટરી વિભાગ
જનરલ સર્જરી વિભાગ
ગાયનેક(સ્ત્રી રોગ) અને આઈ.વી.એફ વિભાગ
ડાયાલિસીસ વિભાગ
સ્કિન વિભાગ (ચામડીના રોગ)
દાંત વિભાગ
ઓર્થોપિડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા)
ફિઝીયોથેરાપી વિભાગ
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ગણપતિ વિસર્જન સમયે જ મેઘાની પધરામણીથી સૌ કોઈ ખુશ

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વરસાદ

**અમરેલી, કુંકાવાવ, લાઠી, બાબરા, લીલીયા, સાવરકુંડલા, ખાંભા, બગસરામાં વરસાદ**

**છેલ્લા ૨ થી ૩ દિવસ હળવાથી લઈને ભારે ઝાંપટા પડતા હોય ઠંડક પ્રસરી**

**સતત વરસાદથી ઠેકઠેકાણે માર્ગો તુટી જવા કે કાદવ કિચડનો માહોલ જોવા મળ્યો**

**આગામી ૨ થી ૩ દિવસ સુધી વરસાદ પડવાની પણ સંભાવના યથાવત**



અમરેલી, તા ૬

અમરેલી જિલ્લામાં આજે પણ હળવા ઝાંપટાથી લઈને ભારે ઝાંપટુ પડી જતાં વાતાવરણમા ઠંડક પ્રસરી ગઈ છે. અમરેલી, બાબરા, સાવરકુંડલા, લાઠી, લીલીયા, બગસરા સહિતના વિસ્તારમાં વરસાદથી ઠેક ઠેકાણે પાણીનો ભાવો, કાદવ કિચડનો માહોલ જોવા મળી રહયો છે.

**બાબરા**

બાબરામાં સવારથી મેઘાવી માહોલ છવાયો ધીમી ધારે સતત વરસાદ પડી રહ્યો છે જેના કારણે વાતાવરણ ઠંડક પ્રસરી ગઈ અને બઝારોમાં પણ કરફ્યુ જેવો માહોલ છે શહેર સહિત સમગ્ર તાલુકામાં પણ ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે જેના કારણે ખેતરમાં ઉભા કપાસ,મગફળી સોયાબિન સહિત કઠોળ ના પાકને નુકશાન જવાની ખેડૂતો ને ભીતિ સતાવી રહી છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં આજે સવારે વાતાવરણમાં થોડું સ્વચ્છ હતુ એમ તો સૂર્યનારાયણે પણ દર્શન દીધા.

બપોરે વાદળો વચ્ચે થોડી છાંટાછૂંટી જોવા મળી રહી છે.જો કે વાતાવરણમાં સ્થિરતા જોતા બપોર બાદ વરસાદ થવાની શક્યતા જોવા મળી રહી છે. જો કે આ આવરા બાદલ એ ક્યારે આવે? અને કયારે પસાર થઈ જાય? તે સંદર્ભે અનિશ્ચિતતા જ હોય છે.

એકંદરે હાલ વાતાવરણ પવન સાથે વાદળછાયું છે. જો કે આવા વાતાવરણમાં શરદી ઉધરસ તાવ અને શ્વાસસને લગતી બિમારીઓ વધી છે. શહેરના દવાખાનાઓમાં આવા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

વાતાવરણમાં ભેજ હોય મચ્છરજન્ય રોગચાળો પણ વધી શકે છે. આવું વાતાવરણ વચ્ચે ખાસ કરીને વૃધ્ધજનો અને બાળકોએ પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

### પિપાવાવ પોલીસ ટીમ દ્વારા કાર્યવાહી

## રાજુલા : વીકટર હાઈવે ઉપરથી ૮૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપાયો

**૨ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી**

અમરેલી, તા. ૬

રાજુલાના મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.આર. છોવાળાની સુચનાથી મરીન પીપાવાવ પોલીસ સ્ટાફ વિકટર કોસ્ટલ હાઈવે ઉપર વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન ચોકકસ બાતમીના આધારે એક પીળા તથા લીલા કલરની ઓટો રીક્ષા નં. જી.જે.-૦૪ એયુ-૭૭૦૬ વાળીને રોકી તે રીક્ષા ચેક કરતા રિક્ષામાં રહેલ મહુવા સરકારી ગોડાઉન પાસે રહેતા હરેશ અશોકભાઈ વાઘેલા નામના રીક્ષા ચાલક તથા મહુવામાં મંગમુર્તી સ્કુલની બાજુમાં ઈન્દિરા નગરમાં રહેતા બિલાલભાઈ હુસેનભાઈ શેખ વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર-૮૦ કિંમત રૂા. ૧૬,૦૦૦ નો મળી આવતા ઓટો



રીક્ષા સાથે કુલ કિંમત રૂા. ૨,૧૬,૦૦૦ના પ્રોહી મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ''સલામત સવારી, એસ.ટી. અમારી'' સુત્રની ગુલબાંગો વચ્ચે

## ધારી-અમરેલી માર્ગ ઉપર એસ.ટી. બસે એકી સાથે 3-3 કારને હડફેટે લેતા અફડાતફડી

**૨ મહિલાઓ સહિત ૭ જેટલા વ્યકિતઓને સામાન્ય ઈજા પહોંચી**



અમરેલી, તા. ૬

ધારી- અમરેલી માર્ગ ઉપર એસ.ટી. બસને બેફામ ગતિ ચલાવીને બસ એકી સાથે ૩ કાર સાથે અથડાવતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. જો કે સદ્નસીબે જાનહાનીની ઘટના ટળી હતી.

વિગત એવા પ્રકારની છે કે આજે સાંજે મહુવા-ધોરાજી રૂટની એસ.ટી. બસ નં. જીજે-૧૮, ઝેડટી-૦૦૪૮ના ચાલકે બેદરકારીથી પુરપાટ ઝડપે બસ ચલાવતાં સામેથી આવી રહેલ કારને હડફેટે લેતાં અન્ય ૨ કાર પણ સાથો સાથ અથડાતા ૨ મહિલા સહિત ૭ વ્યકિતઓને સામાન્ય ઈજા પહોંચી હતી.

બનાવની જાણ થતાં માર્ગ પરથી પસાર થનાર સૌ કોઈ અને પોલીસ મદદે પહોંચી હતી અને વાહન વ્યવહાર પુર્વવત કરાવ્યો હતો.

Sheetal ICE CREAM
જોઈએ છે
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ
નીચે મુજબના સરનામે ઓરીજનલ
હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

LG
Life's Good. Festivals
Celebrate Ganeshotsav with LG AI
where intelligence meets tradition.
FRONT LOAD WASHING MACHINE
Exclusive Offers*
UPTO 20% CASHBACK (On Select Models)
FIXED EMI STARTING FROM ₹ 1999*
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)